RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 277, Dt.10-2-2025 Monday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# મહાકુંભમાં 'વિશ્વ'નો સૌથી મોટો ૩૫૦ કિમીનો ટ્રાફિક જામ

## દુનિયાના સૌથી મોટા ધાર્મિક મેળાવડામાં શ્રદ્ધાળુઓનો મહાસાગર:મહાકુંભમાં ફરી મહાભીડ: મધ્યપ્રદેશથી જ વાહનો રોકી દેવાયા : કલાકો – આખો દિવસ ટ્રાફિક જામમાં ફસાયેલા લોકો બેહાલ : ખાવા – પીવાના સાંસા : ૨૦ – ૨૫ કીમી પગપાળા જવાની નોબત

**મુખ્ય સમાચાર, પ્રયાગરાજ**

જેમ જેમ પ્રયાગરાજ મહાકુંભ તેના અંત તરફ આગળ વધી રહ્યો છે, તેમ તેમ લોકોની શ્રદ્ધાની લહેર વધી રહી છે. પરિસ્થિતિ એવી બની ગઈ છે કે પ્રયાગરાજ જતા સમયે મધ્યપ્રદેશના જબલપુરથી પ્રયાગરાજ સુધીના સમગ્ર ૩૫૦ કિમીના રૂટ પર ભારે ટ્રાફિક જામ થઈ ગયો છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગ–૩૦ પર લાખો વાહનો ફસાયેલા છે અને ધીમે ધીમે મહાકુંભ પહોંચી રહ્યા છે. જ્યાં સામાન્ય રીતે જબલપુરથી પ્રયાગરાજ પહોંચવામાં ૫ થી ૬ કલાક લાગતા હતા, હવે તેમાં ૨૪ કલાકથી વધુ સમય લાગી રહ્યો છે. સૌથી ખરાબ ટ્રાફિક જામની સ્થિતિ રેવા નજીક છે. પ્રયાગરાજમાં મોટી ભીડ એકઠી થવાને કારણે શહેરની ટ્રાફિક વ્યવસ્થા ખોરવાઈ ગઈ. રસ્તાઓ જામ થઈ ગયા છે. શેરીઓ જામ થઈ ગઈ છે. હાઈવે જામ છે. પરિસ્થિતિ એવી છે કે ૩૦૦ કિમી દૂર આવેલા કટનીમાં પોલીસે લાઉડસ્પીકર દ્વારા ભક્તોને કહેવું પડે છે કે તેઓ હમણાં પ્રયાગરાજ ન જાય.

પ્રયાગરાજની આસપાસના જિલ્લાઓ જેમ કે બનારસ, કાનપુર, ફતેહપુર, કટની, સતના અને રેવા ભરાઈ ગયા છે. મુસાફરોને સ્ટેશન પર ઊભા રહેવા માટે પણ જગ્યા મળી રહી નથી. આ ઉપરાંત જે લોકોની ટિકિટ કન્ફર્મ છે તેમને પણ મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. પરિસ્થિતિ એવી છે કે સેકન્ડ એસી અને થર્ડ એસી પણ જનરલ કોચ બની ગયા છે.

આ ઉપરાંત, જેમને મહાકુંભ પહોંચવા માટે ટ્રેનના પેસેન્જર કોચમાં સીટ નથી મળી રહી, તેઓ સામાનના ડબ્બામાં પ્રવેશ કરી રહ્યા છે. જેના કારણે રેલવે અધિકારીઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે.

૫ ફેબ્રુઆરીએ પીએમ મોદી કુંભથી પાછા ફર્યા પછી લોકો આવવા લાગ્યા. ૭–૮ અને ૯ ફેબ્રુઆરીના રોજ, મોટી સંખ્યામાં લોકો ખાનગી વાહનોમાં પ્રયાગરાજ જવા રવાના થયા. એક અધિકારીએ કેમેરા વગર જણાવ્યું હતું કે, છેલ્લા ત્રણ દિવસમાં શહેરમાં લગભગ ૧૫ લાખ વાહનો આવ્યા હતા. જે ગતિએ વાહનો શહેરમાં આવ્યા હતા તે જ ગતિએ વાહનો શહેરની બહાર ગયા ન હતા. તો પાર્કિંગ પહેલેથી જ ભરાઈ ગયું હતું. સૌથી મોટું પાર્કિંગ બેલા કછરમાં છે, તેની સ્થિતિ એવી છે કે તે પણ ભરેલું છે. બેલા કછરમાં દોઢ લાખ વાહનો પાર્ક કરી શકાય છે.

આજ તકની ટીમ સવારે ૩ વાગ્યે કાનપુર રેલ્વે સ્ટેશન પહોંચી અને મહાકુંભ સ્પેશિયલ ટ્રેનમાં પરિસ્થિતિનો તાગ મેળવ્યો. આ ટ્રેન મુસાફરોથી ભરેલી હતી. આ દરમિયાન, મહિલાઓ અને બાળકો ટ્રેનની અંદર જવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. તેને જમીન પર





બેસવાની ફરજ પાડવામાં આવી. ટ્રેનમાં ચઢવા માટે સંઘર્ષ કરી રહેલા લોકોએ આજતકને જણાવ્યું કે રસ્તાઓ જામ હતા, તેથી અમે ટ્રેન પસંદ કરી. અમારી પાસે રોડ દ્વારા મુસાફરી કરવા માટે પૂરતા પૈસા નથી. પરંતુ અમને ખાસ ટ્રેનોનો લાભ મળ્યો નહીં અને અહીં પરિસ્થિતિ વધુ ખરાબ છે.

ટ્રેન મુસાફરો વ્યવસ્થાથી સંતુષ્ટ નથી, મહાકુંભ સ્પેશિયલ દ્વારા મુસાફરી કરી રહેલા મુસાફરોએ આજ તકની ટીમને જણાવ્યું હતું કે તેઓ સરકાર દ્વારા કરવામાં આવેલી વ્યવસ્થાથી સંતુષ્ટ નથી. કારણ કે રૂટિન ટ્રેનોમાં સીટો ઉપલબ્ધ નથી. તે જ સમયે, તેમને મહાકુંભ સ્પેશિયલ ટ્રેનમાં કલાકો સુધી ઉભા રહીને મુસાફરી કરવી પડે છે. જેના કારણે તેમને ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે.

પ્રયાગરાજ મહાકુંભમાં જતા યાત્રાળુઓની સંખ્યા ઘટવાને બદલે સતત વધી રહી છે. રેવાથી પ્રયાગરાજ રૂટ પર વાહનોનું સતત દબાણ રહે છે. પરિસ્થિતિ એવી છે કે ૧૫ કિમી લાંબો જામ છે. દૂર દૂરથી આવતા યાત્રાળુઓ વાહનોમાં ફસાયેલા છે. ચકઘાટથી સોહાગી ખીણ કિલ્લા સુધી ભીડ એકઠી થઈ ગઈ છે.

# આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ ક્યારે બની શકે? સુપ્રિમ કોર્ટનું મહત્વનું અવલોકન

## આત્મહત્યાના કેસ માટે સતામણી એટલી તીવ્ર ક્યાં હોવી જોઈએ કે પીડિત પાસે આત્મહત્યા કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ન બચેઃ સુપ્રીમ



**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**

સુપ્રિમ કોર્ટે એક કેસમાં જણાવ્યું હતું કે આત્મહત્યા માટે ઉશ્કેરવાના ગુના સાબિત કરવા માટે સતામણી એટલી ગંભીર હોવી જોઈએ કે પીડિત પાસે આત્મહત્યા સિવાય બીજો કોઈ વિકલ્પ બાકી ન રહે. આ કહીને ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાની અધ્યક્ષતાવાળી બેન્ચે આત્મહત્યા માટે ઉશ્કેરવાના એક કેસને ફગાવી દીધો હતો.

સુપ્રીમ કોર્ટે કહ્યું કે, એ સાબિત કરવું જરૂરી છે કે આરોપીએ મૃતકને આત્મહત્યા કરવા માટે ઉશ્કેર્યો હતો અથવા મદદ કરી હતી. આ સાથે જ સુપ્રીમ કોર્ટે યુપીનાં ડીજીપીને આદેશ આપ્યો છે કે તેઓ એસઆઈટીની રચના કરે અને તપાસ કરે કે આત્મહત્યાનું સાચું કારણ શું છે.

મામલો યુપીનાં સહારનપુરનો હતો. અરજદારે ૨ નવેમ્બર, ૨૦૨૨ ના રોજ ફરિયાદ કરી હતી કે તેમનાં પુત્રને કેટલાક લોકોએ માર માર્યો હતો, જેનાં કારણે તેનું મોત નીપજ્યું હતું. આ કેસની શરૂઆત અપીલકર્તાના પુત્ર ઝિયાઉલ રહેમાન (મૃતક) અને ફરિયાદીની પિતરાઈ બહેન વચ્ચેનાં સંબંધની શંકાને કારણે થઈ હતી. અરજીકર્તાએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું હતું કે, યુવતીનાં સંબંધીઓએ તેનાં પુત્રને માર માર્યો હતો, જેનાં કારણે તેનું મોત થયું હતું. અરજદારે યુવતીને અપમાનિત કરી હતી અને ત્રાસ આપ્યો હતો. પુત્રનાં મોતનો દોષનો ટોપલો યુવતી પર ઢોળવામાં આવ્યો હતો, જે બાદ યુવતીએ આત્મહત્યા કરી લીધી હતી. આ પછી, છોકરીનાં સંબંધીઓ દ્વારા છોકરાનાં પિતા વિરુદ્ધ આત્મહત્યા માટે ઉશ્કેરવાનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. આ મામલે છોકરાનાં પિતાએ સુપ્રીમ કોર્ટ પાસે રાહતની માંગ કરી હતી. અગાઉ અલ્હાબાદ હાઈકોર્ટે આ અરજી ફગાવી દીધી હતી, જે બાદ આ મામલો સુપ્રીમ કોર્ટમાં આવ્યો હતો. કોર્ટે પોતાનાં આદેશમાં નોંધ્યું હતું કે ચાર્જશીટ માત્ર ફરિયાદીના નિવેદનો પર આધારિત છે અને અન્ય કોઈ એંગલથી તપાસ હાથ ધરવામાં આવી નથી. ફરિયાદીનો પક્ષ સંપૂર્ણપણે સાચો હોવાનું સ્વીકારવામાં આવ્યું હતું, જ્યારે અન્ય શકયતાઓ ચકાસવામાં આવી ન હતી. ટોચની અદાલતે પૂછ્યું કે શું આત્મહત્યાનું સાચું કારણ કંઈક બીજું હતું ? શું મૃતક તેની મિત્ર ઝિયા–ઉલ–રહેમાનના મૃત્યુથી નારાજ હતી ?

# ૩૧ માર્ચ સુધી ટીડીએસ રીટર્નમાં સુધારો થઈ શકશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**




બેંક અથવા અન્ય કોઈપણ સંસ્થાઓએ ખોટી રીતે ટીડીએસ કપાત કરી હોય તો કરદાતા પાસે તેમાં સુધારો કરીને નવુ સુધારેલુ ટીડીએસ રીટર્ન રજુ કરવા ૩૧ માર્ચ ૨૦૨૫ સુધીની મુદત આપવામાં આવી છે. ફોર્મ ૨૬ એએસ અથવા વાર્ષિક માહીતી રીપોર્ટમાં ટીડીએસ કપાતની વિગતો દર્શાવાઈ ન હોય તેવા કરદાતાઓને પણ સુધારાની તક છે.

સરકાર દ્વારા ટીડીએસ રીટર્નમાં સુધારા માટેની મુદત ૬ વર્ષની કરવામાં આવી છે. જેથી કરદાતાઓને પ્રતિ–ભુલ સુધારવા માટે પર્યાપ્ત સમય મળી શકે સુધારેલુ ટીડીએસ રીટર્ન ફાઈલ કરવામાં આવ્યું હોય તેના ૬ વર્ષને ગણતરીમાં લેવાના રહે છે.અર્થાત ૨૦૧૮–૧૯ ના વર્ષના ટીડીએસ રીટર્નમાં સુધારો કરવા ૩૧ માર્ચ ૨૦૨૫ ની આખરી મુદત રહેશે.

ટીડીએસ કપાત–રીટર્નમાં ભુલ હોવાના સંજોગોમાં તે સુધારવા બેંકો કે સંબંધિત સંસ્થાને જાણ કરવાની રહેશે. સાચા–વાસ્તવિક ટીડીએસ વિના સુધારો નહિં થઈ શકે. આ માટે પગાર સ્લીપ, બેંક સ્ટેટમેન્ટ, ફોર્મ ૨૬ એએસની નકલ, સુધારા માટે કપાત કર્તાને અરજીની નકલ જેવા દસ્તાવેજો પણ જોડવાના રહેશે.

# મોદી આજથી ફ્રાન્સ – અમેરિકાની અત્યંત મહત્વપૂર્ણ મુલાકાતે

**મુખ્ય સમાચાર,નવી દિલ્હી**





વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આજે ફ્રાન્સ અને અમેરિકાની પાંચ દિવસની મુલાકાતે જશે. ખાસ કરીને શ્રી મોદીની અમેરિકા મુલાકાત પર દેશના આર્થિક નિષ્ણાંતો, ઉદ્યોગ–વ્યાપાર જગતના લોકોની નજર છે. અમેરિકામાં જે રીતે પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ટેરીફ વોર છેડયુ છે તે પછી ભારત તેમાં કેવુ બચી શકે છે તે મહત્વની બની રહેશે.

શ્રી મોદી ફ્રાન્સમાં આવતીકાલથી પ્રારંભ થનારી આર્ટીફીશ્યલ–ઈન્ટેલીજન્સ એકશન સમીટમાં ભાગ લેશે. જેમાં વિશ્વના ટોચના રાષ્ટ્રનેતાઓ પણ હાજર રહેનાર છે અને ખાસ કરીને એઆઈમાં જે રીતે હવે નવી સ્પર્ધા છેડાઈ છે તથા તેના ઉપયોગથી નજોખમોથ પણ વધ્યા છે તેના પર ચર્ચા થશે.

શ્રી મોદી તા.૧૩ના અમેરિકા પહોંચશે જયાં તેઓ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નશોર્ટ–નોટીસથ આમંત્રણથી પહોંચી રહ્યા છે અને આજે દેશો વચ્ચે જે વ્યાપાર ખાધ છે તે મુદે ચર્ચા થશે. અમેરિકા ઈચ્છે છે કે તેમના ઉત્પાદનોને ભારતમાં હળવા–ટેરીફથી પ્રવેશ મળે. હાલમા જ કેન્દ્રીય બજેટમાં જે રીતે અનેક ઉત્પાદનો પર આયાત જકાત ઘટાડાઈ તે મોદી સરકારનું પ્રથમ પગલુ છે જે બાદ હવે ટ્રમ્પને નખુશથ કરવા કેવા પગલા લેવાશે તે પ્રશ્ન છે. તો ડોનાલ્ડ ટ્રમ્પ હવે નકવાડથ લશ્કરી સમજુતી જે ચીન અને ખાસ કરીને દક્ષિણ ચીન મહાસાગરમાં ચાઈનીઝ અંકુશ સામે છે તે મુદે ભારત–અમેરિકા–ઓસ્ટ્રેલિયા,જાપાનની સંયુકત લશ્કરી તાકાત માટે બાઈડન તંત્રએ જે વ્યુહ ઘડયા હતા તેને આગળ વધારશે તેના પર નજર છે.

# અમદાવાદ એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી

## અમદાવાદ આવેલી ઈન્ડિગોની ફ્લાઈટમાંથી ચિઠ્ઠી મળી, તમામ પેસેન્જરનાં રાઈટિંગ સેમ્પલ લેવાશે

**મુખ્ય સમાચાર,અમદાવાદ**

અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી મળી હતી. જેના પગલે સુરક્ષા એજન્સીઓ દોડતી થઈ હતી. ઈન્ડિગોની ફ્લાઈટમાંથી મળી આવેલી ચિઠ્ઠીમાં એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. ધમકીભર્યો પત્ર મળ્યા બાદ અમદાવાદ પોલીસ સહિત સુરક્ષા એજન્સીઓ દ્વારા સઘન તપાસ શરૂ કરવામાં આવી હતી. ફ્લાઈટમાં પણ ચેકિંગ હાથ ધરાયું હતું. પત્ર લખનારની ઓળખ મેળવવા તજવીજ હાથ ધરવામાં આવી છે.

મળતી પ્રાથમિક વિગતો અનુસાર, ઈન્ડિગોની ફ્લાઈટ અમદાવાદ એરપોર્ટ પર પહોંચી ત્યારે મુસાફરો ફ્લાઈટમાં ઉતરી ગયા બાદ ફ્લાઈટને ક્લિન કરવાની કામગીરી કરાઈ રહી હતી. જે દરમિયાન ફ્લાઈટમાંથી હાથેથી લખાયેલી એક ચિઠ્ઠી મળી આવી હતી. આ ચિઠ્ઠીમાં અમદાવાદ એરપોર્ટને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી. જેના પગલે એરપોર્ટ ઓથોરિટીમાં દોડધામ મચી ગઈ હતી. બનાવ અંગે ઓથોરિટી દ્વારા પોલીસને જાણ કરવામાં આવી હતી.




પત્રની ગંભીરતાને જોઈને અમદાવાદ પોલીસ સહિતની સુરક્ષા એન્જસી એરપોર્ટ પહોંચી હતી. એરપોર્ટ અને ફ્લાઈટમાં સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. પોલીસ દ્વારા ગુનો નોંધવાની તજવીજ હાથ ધરાઈ છે. તેમજ આ ધમકીભર્યો પત્ર કોણે લખ્યો તેની ભાળ મેળવવા માટે ફ્લાઈટના મુસાફરોને લખાણના સેમ્પલ લેવાની કામગીરી પણ કરવામાં આવી રહી છે. બનાવ અંગે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જેસીપી શરદ સિંઘલે એએનઆઈને જણાવ્યું હતું કે, અમદાવાદના સરદાર પટેલ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર એક અજાણ્યા વ્યક્તિ દ્વારા લખાયેલો પત્ર મળ્યો જેમાં એરપોર્ટને ઉડાવી દેવાની ધમકી આપવામાં આવી હતી

# ટ્રમ્પની શપથવિધિ બાદના ત્રણ સપ્તાહમાં ભારતમાં સોનું રૂ.૫૦૬૦ અને ચાંદી રૂ.૫૧૯૧ વધ્યા

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**




સોનું–ચાંદીમાં તેજી રોકેટગતિએ આગળ વધી રહી છે. ડોનાલ્ડ ટ્રમ્પ અમેરિકાના પ્રેસિડન્ટ પદે ચૂંટાયા ત્યારથી સોના–ચાંદીને તેજીનો જબરો કરંટ લાગ્યો છે. નઅમેરિકા ફર્સ્ટથના સ્લોગનને સફળ બનાવવા ટ્રમ્પે અમેરિકામાં આયાત થતી ચીજો પર ટેરિફ વધારો લાગુ કરતાં ફુગાવો આસમાને પહોંચવાની અને ટ્રમ્પના આક્રમક રવૈયાથી જિઓપોલિટિકલ અને ઈકોનોમિક ટેન્શન વધવાની ધારણાએ સોના–ચાંદીમાં સેઈફ હેવન ડિમાન્ડ દરરોજ સવાર પડે ત્યારે વધી રહી છે.

ડોનાલ્ડ ટ્રમ્પના દ્વારા વીંઝાતા કોરડાથી બચવા હવે દરેક દેશ નવી રણનીતિ બનાવી રહ્યું છે. નવાઈની વાત એ છે કે નવી રણનીતિ પણ સોનામાં નવી તેજીનું કારણ બની રહી છે. ચીને ઈન્સ્યુરન્સ સેકટરના એક ટકા ફંડને સોનામાં રોકાણની મંજૂરી આપતાં માર્કેટમાંથી ૫૦૦ ટન નવું સોનું ખરીદવાની ધારણાથી સોનામાં તેજીનું નવું કારણ ઉમેરાયું હતું. ડોનાલ્ડ ટ્રમ્પની પોલિસીથી ઊભી થનારી ક્રાઈસીસથી બચવા સોના–ચાંદીમાં જે સેઈફ હેવન ડિમાન્ડ સતત વધી રહી છે તેના પરિણામ સ્વરૂપ ડોનાલ્ડ ટ્રમ્પની શપથવિધિ પછીના ત્રણ સપ્તાહમાં ભારતમાં સોનાનો ભાવ ૧૦ ગ્રામનો રૂ.૭૯,૨૩૯ થી વધીને રૂ.૮૪,૨૯૯ રૂપિયા થયો છે.

એટલે કે માત્ર ત્રણ સપ્તાહમાં સોનું રૂ.૫૦૬૦ વધ્યું છે. સોનાની પાછળ ચાંદીનો ભાવ ત્રણ સપ્તાહમાં રૂ.૯૦,૨૦૦થી વધીને રૂ.૯૫,૩૯૧ રૂપિયા થયો છે. એટલે કે ત્રણ સપ્તાહમાં ચાંદી રૂ.૫૧૯૧ રૂપિયા વધી છે. વિશ્વબજારમાં સોનું ત્રણ સપ્તાહમાં ૨૭૦૭ ડોલરથી વધીને ૨૯૧૧ ડોલરે પહોંચી ગયું છે. વિશ્વબજાર જેટલી હજુ ભારતમાં સોનાની તેજી થઈ નથી આથી ચાલુ સપ્તાહે સોનામાં નવી તેજી જોવા મળશે.

ચાલુ સપ્તાહે અમેરિકાના મોંઘવારીના એટલે કે ઈન્ફલેશન (ફુગાવા)ના ડેટા જાહેર થશે. ચાલુ સપ્તાહે બુધવારે ભારતીય સમય પ્રમાણે સાંજે સાત વાગ્યે અમેરિકાના જાન્યુઆરી મહિનાના કન્ઝયુમર હેડલાઈન ઈન્ફલેશન અને કોર ઈન્ફલેશનના મન્થ ટુ મન્થ અને યર ટુ યરના ડેટા જાહેર થશે આ ઉપરાંત પ્રોડયુસર્સ ઈન્ફલેશનના ડેટા પણ બુધવારે જાહેર થશે. અમેરિકાના રેટકટનું ભાવિ ઈન્ફલેશનના ડેટા પરથી નક્કી થવાનું હોઈ આ ડેટા અગત્યના છે.

# સ્ટીલ – એલ્યુમીનીયમ આયાત પર ૨૫% ટેરીફ લગાવતા ટ્રમ્પ

## મોદીની વ્હાઈટ હાઉસ મુલાકાત પર નજર : હાલ આ ટેરીફ કેનેડા - મેકસીકોથી આયાત પર અમલી બનશે : ભારત આ ધાતુઓની નિકાસમાં ટોપ ટેનમાં નથી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**




વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની અમેરિકા યાત્રા અને સંભવિત ભારત પર પણ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ 'ટેરીફ' લાદે તેવા સંકેતો વચ્ચે અમેરિકાએ કેનેડા–મેકસીકોથી આયાત થતા સ્ટીલ અને એલ્યુમીનીયમ પર ૨૫% ટેરીફ ઝીકતા ભારતને પણ હવે વડાપ્રધાન મોદી આ ટેરીફથી બચાવી શકશે કે કેમ તે પ્રશ્ન છે.

બે દેશો પરના આ ટેરીફ અમેરિકા જે અલગથી મેટલ–સેસ લગાવે છે તેનાથી પણ ઉપર હશે જે કેનેડા–મેકસીકો પર મોટી અસર કરશે. આ બન્ને દેશોમાંથી અમેરિકા સ્ટીલ–એલ્યુમીનીયમની સૌથી મોટી આયાત કરે છે. બાદમાં દક્ષિણ કોરિયા અને વિયેતનામ આવે છે. ૨૦૨૪માં જ અમેરિકાના કુલ એલ્યુમીનીયમની આયાતના ૭૫% કેનેડામાંથી થઈ છે.

ભારત જો કે અમેરિકામાં આ બન્ને ધાતુના નિકાસમાં ૧૦માં ક્રમ બાદ છે પણ ડોનાલ્ડ ટ્રમ્પે સ્પષ્ટ કહ્યું છે કે, અમારા ઉત્પાદનો પર જે દેશ ૧૦૦થી ૧૩૦% ટેરીફ લાદે છે તે અમારા દેશમાં સસ્તો માલ ઘુસાડી શકશે નહી.

આમ હવે અમેરિકાની આ નીતિ દુનિયાભરના વ્યાપારને અસર કરશે. શ્રી મોદી આજે જ ફ્રાન્સ જઈ રહ્યા છે અને રસપ્રદ રીતે ફ્રાન્સમાં જે હાઈ–પ્રોફાઈલ–આર્ટિફીશ્યલ ઈન્ટેલીજન્સની સમીટ છે તેમાં પણ મોદી હાજર રહેનાર છે.

આ બેઠકમાં કેનેડાના વડાપ્રધાન શ્રી જસ્ટીન ટ્રુડો પણ ઉપસ્થિત રહેનાર છે. જો કે ટ્રુડો હવે થોડા જ દિવસોમાં કેનેડાનું વડાપ્રધાન પદ છોડનાર છે છતા પણ મોદી સાથે તેમની આંખ ટકરાશે તે જોવુ રસપ્રદ બનશે.

# મોરબીના શનાળા રોડ ખાતે વધુ એક સ્પાની આડમાં ચાલતું કુટણખાનું ઝડપાયું, બે સંચાલકની અટક

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબીના શનાળા રોડ ખાતે મહેશ હોટલ બાજુમાં ધર્મેન્દ્ર પ્લાઝાના પાંચમા માળે સાત રૂમ ધરાવતા નેક્સેસ લક્ઝરીયર્સ નામના સ્પામાં ચાલતા કુટણખાનાનો સીટી એ ડિવિઝન પોલીસ દ્વારા પર્દાફાશ કરવામાં આવ્યો છે, આ સાથે પોલીસે ઉપરોક્ત સ્પામાં રેઈડ કરી ભાગીદારીમાં ચલાવતા સ્પાના બે સંચાલક આરોપીની રોકડ, પાંચ મોબાઈલ તથા શરીર સુખ માણવા ઉપયોગમાં લેવાતા સાધન-સામગ્રી સહિત કિ.રૂ.૧.૩૫ લાખના મુદ્દામાલ સાથે અટક કરવામાં આવી છે.



મળતી માહિતી મુજબ, સીટી એ ડિવિઝન પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે શનાળા રોડ ઉપર ધર્મેન્દ્ર પ્લાઝાના પાંચમા માળે આરોપી જયદીપ મકવાણા અને નિશ્ચલ ભીમાણી દુકાન ભાડે રાખી તેમાં નેક્સેસ લક્ઝરીયર્સ નામના મસાજ સ્પા પાર્લરની આડમાં કુટણખાનું ચલાવતા હોય જેથી તુરંત ઉપરોક્ત સ્પામાં ડમી ગ્રાહક મોકલ્યા બાદ રેઈડ કરવામાં આવી હતી, રેઈડ દરમિયાન સ્પામાં અલગ અલગ સાત રૂમમાં બહારથી મહિલાઓને કામે રાખી સ્પામાં આવતા ગ્રાહકોને અનૈતિક શરીર સુખ માણવાની સુખ સુવિધા પૂરી પડવામાં આવતું હોવાનું સામે આવ્યું હતું, આ સાથે ભાગીદારીમાં ચાલતા સ્પાના બે સંચાલક આરોપી જયદીપભાઈ હમીરભાઈ મકવાણા ઉવ.૨૧ રહે.મોરબી ઉમા ટાઉનશીપ પાછળ ભારતી વિધાલયની સામે મુળરહે. મોણપુર તા.શીતલ જી.અમરેલી તથા આરોપી નિશ્ચલભાઈ મહેશભાઈ ભીમાણી ઉવ.૩૮ રહે. મોરબી શનાળા રોડ સ્કાય મોલની સામે રામનગરવાળા બંનેની ધરપકડ કરવામાં આવી હતી, પોલીસની રેઈડ દરમિયાન સ્થળ ઉપથી રોકડા રૂ.૨૦,૫૦૦/- , પાંચ નંગ મોબાઈલ કિ.રૂ.૧,૧૫,૦૦૦/- તથા અન્ય સાધન સામગ્રી સહિત કુલ કિ.રૂ.૧,૩૫,૫૦૦/-નો મુદ્દામાલ જપ્ત કરી બંને આરોપીઓ વિરુદ્ધ ધી ઈમોરલ ટ્રાફિક પ્રિવેંશન એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગરમાં કેબીનેટમંત્રી મુળુભાઈ બેરાએ સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના કલા મહાકુંભનો પ્રારંભ કરાવ્યો

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર, ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર, કમિશ્નર યુવક સેવા અને સંસ્કૃતિક પ્રવૃતિઓ તથા જીલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી જામનગર દ્વારા શહેરના ટાઉનહોલ ખાતે આયોજિત સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષા કલા મહાકુંભનો પ્રારંભ રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ કરાવ્યો હતો.

આ કાર્યક્રમમાં મંત્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતુ કે, પૃથ્વી પર જીવન ટકાવી રાખવા મનુષ્યને હવા, પાણી અને ખોરાકની જેટલી જરૂર છે તેટલી જ જરૂર કળા, સંસ્કૃતિ અને સંગીતની પણ છે. યુવાઓમાં રહેલી કળાઓને ઉજાગર કરવા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭થી કલા મહાકુંભની શરૂઆત કરાવવામાં આવી હતી. ત્યારથી દરેક વય જૂથના લોકોને પોતાનામાં રહેલી વિશેષ શક્તિઓ થકી ઓળખ ઉભી કરવાનો મોકો મળ્યો છે. પરંપરાગત રીતે ગ્રામ્ય કક્ષાએ રહેલી સંસ્કૃતિ જાળવી રાખનારા લોકો તેમજ વિવિધ મેળાઓના આયોજનમાં સરકાર પણ સહભાગી થઇ છે. આપણા પરંપરાગત મેળાઓમાં કલાકારો દ્વારા પોતાની કૃતિઓ રજુ કરવામાં આવે છે. રાજ્યમાં અનેક સ્થળો જેવાકે ચોટીલા, ડાકોર, સોમનાથ, શામળાજી, મોઢેરા, અંબાજીમાં કલા ઉત્સવોની ઉજવણી કરવામાં આવે છે. વાઈબ્રન્ટ નવરાત્રીના આયોજન થકી ગુજરાતની સંસ્કૃતિને નવી ઓળખ મળી છે. કળા અને વારસાનું જતન કરવા માટે સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થાય છે.ગુજરાત વિકાસની દ્રષ્ટિએ આગળ વધી રહ્યું છે તેની સાથે વિરાસત જાળવી રાખવા માટેપણ સરકાર દ્વારા અનેક આયોજનો હાથ ધરવામાં આવ્યા છે. ઐતિહાસિક સંસ્કૃતિને ઉજાગર કરતુ જામનગર છોટીકાશીનું બીરૂદ ધરાવે છે. અહીં યોજવામાં આવેલા સૌરાષ્ટ્ર પ્રદેશ કક્ષાના કલા મહાકુંભમાં વિવિધ ૩૦ જેટલી કૃતિઓ જેમાં રાસ, ગરબા,સામુહિક કૃતિઓ, એકપાત્રીય અભિનય, સમૂહ ગીત, લગ્ન ગીત, સાંસ્કૃતિક નૃત્યો, લોકગીત, દુહા છંદ ચોપાઈ વગેરેમાં ભાગ લેનારા સ્પર્ધકોને મંત્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી. વિજેતા ટીમો રાજ્યકક્ષાના પ્રોગામમાં ભાગ લેશે.

કલા, ઉપાસના અને સરસ્વતી સાધનામાં પોતાનું જીવન સમર્પિત કરનારા નિર્ણાયકોને મંત્રીના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે આ કાર્યક્રમમાં ૮ જીલ્લાઓ જેમાં જામનગર, અમરેલી,




ભાવનગર,દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જુનાગઢ, રાજકોટ અને પોરબંદરની ટીમોએ ભાગ લીધો છે.

વિવિધ સ્પર્ધાઓનું આયોજન જામનગરના ટાઉનહોલ ઉપરાંત ઓશવાળ ઈંગ્લીશ એકેડમી ખાતે કરવામાં આવ્યું છે.આ કાર્યક્રમમાં જીલ્લા પંચાયતના પ્રમુખ મેયબેન ગરસર, ધારાસભ્ય રીવાબા જાડેજા, કલેકટર કેતન ઠક્કર, નાયબ મ્યુનીસીપલ કમિશ્નર ડી.એન.ઝાલા, પ્રાંત અધિકારી પ્રશાંત પરમાર, પ્રાંત યુવા વિકાસ અધિકારીઓ ભરતભાઈ પરમાર, એચ.એમ. વાળા, વિશાલભાઈ રામાણી, જામનગર જીલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ મહેશભાઈ મુંગરા, જીલ્લા યુવા વિકાસ અધિકારી એમ.આઈ.પઠાણ, શાળાના આચાર્યો, વિદ્યાર્થીઓ,આમંત્રિત મહેમાનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# અમદાવાદ દુર્ગાધામ આયોજીત સનાતનનો શંખનાદ ગુજરાતના પત્રકાર સન્માન સમારોહમાં મોરબીના અતુલ જોશીનું શ્રેષ્ઠ પત્રકાર તરીકે સન્માન કરાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**

અમદાવાદ દુર્ગાધામ આયોજિત સનાતન નો શંખનાદ કાર્યક્રમનું ભવ્ય આયોજન ગોરાણી રિસોર્ટ ખાતે તારીખ ૦૯ ફેબ્રુઆરી ના રોજ ગુજરાત બ્રહ્મ જુદી જુદી સંસ્થાઓ અને ન્યૂઝ પેપર તેમજ ન્યૂઝ ચેનલમાં પત્રકારત્વ તરીકે ફરજ બજાવતા પત્રકારોનું વિશેષ સન્માન સમારોહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જ પ્રેસ મીડિયા ,ફિલ્મ કે અન્ય ક્ષેત્રોમાં કાર્યરત સર્વે બ્રાહ્મણોને એક સાથે એક મંચ પર લાવી તેઓના કાર્યને બિરદાવવાનો વિશેષ પ્રયત્ન સાથ જ ૧૦૦ જેટલી જ્ઞાતિઓ ને એક જ પંડાલમાં એકઠા કરી જાગૃતિ નો સંદેશ આપી સનાતન નો શંખનાદ કરવામાં આવ્યો હતો.

દુર્ગાધામ દ્વારા આયોજીત સનાતન શંખનાદ સન્માન સમારોહ કાર્યક્રમ માં જુદા જુદા જિલ્લાઓ અને શહેરમાંથી પત્રકારોને સન્માનીત કરાયા હતા જેમાં ન્યુઝ ૧૮ ગુજરાતી ના મોરબીના રિપોર્ટર અતુલભાઈ જોશીનું ખ્યાતનામ સિનિયર પત્રકાર અને પત્રકારત્વના પ્રેરણા સ્રોત જગદીશભાઈ મહેતાના હસ્તે એવોર્ડ આપી સન્માન કરવામાં આવ્યું હતું અને પત્રકારત્વ ક્ષેત્રે તેઓના યોગદાન ને બિરદાવવામાં આવ્યું હતું અતુલભાઈ જોશીનું સન્માન થતાં તેઓને ઠેર ઠેર થી શુભકામનાઓ મળી રહી છે.ભાવેશભાઈ રાજ્યગુરુની ટીમ અને દુર્ગાધામ આયોજીત આ સંયુક્ત સમારોહમાં સિનિયર પત્રકાર અને એડિટર વિવેકભાઈ ભટ્ટ, સિનિયર પત્રકાર જીગ્નાબેન જોશી,સિનિયર પત્રકાર જગદીશભાઈ



મહેતા,મૌલિકભાઈ મહેતા, ડભોઇના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા(શૈલેષ સોટા)તેમજ રાજ્યના જુદી જુદી ન્યૂઝ ચેનલ અને ન્યૂઝ પેપરમાં ફરજ બજાવતા પત્રકારો તેમજ સિનિયર પત્રકારો હાજર રહ્યા હતા અને તમામ પત્રકારોને ફિલ્ડમાં પડતી તકલીફો અને કામ ને લઈને ગમે ત્યારે જરૂર પડે તો ખડેપગે રહેવા હાજર તમામ વડીલોએ આહવાન કરી બ્રહ્મ સમાજના પત્રકારોને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં ગુજરાતના મીડિયા ક્ષેત્રમાં,રાજકીય ક્ષેત્ર,કાયદાકીય ક્ષેત્ર સહિત વિવિધ ક્ષેત્રોના બ્રહ્મ સમાજના નામાંકીત ચહેરાઓએ પણ ખાસ હાજરી આપી હતી અને આ કાર્યક્રમ સફળતા પૂર્વક પૂર્ણ થયો હતો.

# માળીયા(મી)માં સરકારી અનાજના ગોડાઉનમાંથી અનાજની ચોરીમાં બે શખ્સ ઝડપાયા,એક ઈસમ ફરાર

**મુખ્ય સમાચાર,મોરબી**

માળીયા(મી)તાલુકાના ચાચાવદરડા ગામની સીમમાં આવેલ સરકારી ગોડાઉનમાંથી સરકારી અનાજ ઘઉં અને ચોખાના જથ્થાની ચોરીનો બનાવ સામે આવ્યો છે. ત્યારે માળીયા(મી) પોલીસે રૂ.૪.૪૨ લાખના મુદામાલ સાથે બે શખ્સોને ઝડપી પાડ્યા છે, જ્યારે મોરબીના શનાળાના એક ઈસમનું નામ ખુલતા તેને વોન્ટેડ જાહેર કરી તેને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

માળીયા(મી) પોલીસ મથક ટીમ નાઈટ રાઉન્ડમાં પેટ્રોલીંગમા હોય તે દરમ્યાન જયપાલસિહ ઝાલા, મનસુખભાઈ ચાવડાને સંયુક્ત બાતમી મળી કે, ચાચાવદરડા ગામની સીમમા આવેલ સરકારી ગોડાઉનમાંથી અમુક ઈસમો સરકારી અનાજનો જથ્થો ચોરી કરી તેનું વેચાણ કરી આર્થીક લાભ મેળવે છે. અને હાલ તેઓની આ પ્રવૃત્તિ ચાલુ છે જે બાતમીના આધારે ઉપરોક્ત સ્થળે રેઈડ કરતા સરકારી અનાજ ચોખાની (ચાવલ)ની બોરીઓ નંગ કુલ ૧૧ કુલ વજન ૫૫૦ કિલો કિં.રૂ. ૨૨ હજાર, ઘઉંની બોરીઓ નંગ ૪ કુલ વજન ૨૦૦ કિલો કિ.રૂ. ૬ હજાર, ઈકકો ગાડી રજી.નં. જીજે-૩૬-એએફ-૧૧૫૩ કિ.રૂ. ૪ લાખ મોબાઈલ ફોન નંગ ૨ કિ.રૂ. ૧૦ હજાર અને રોકડા રૂપીયા ૪૭૫૦/- મળી કુલ રૂ. ૪,૪૨,૭૫૦/- ના મુદામાલ સાથે આરોપી શીવરાજસિંગ કાલીયરન રાજપુત અને આરોપી રાહુલ પુજારામ રાજપુત બન્ને રહે.મધ્યપ્રદેશ વાળાની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે અન્ય એક આરોપી રમેશભાઈ રહે. શનાળા વાળાનું આ



ગોરખધંધામાં નામ ખુલતા તે આરોપીને વોન્ટેડ જાહેર કર્યો છે.

વધુમાં આરોપીઓ પોતાના મળતીયાઓ સાથે મળી સરકારી અનાજના ગોડાઉનમાંથી કાયદેસરનો માલ વાહનોમાં ભરતી વખતે એનકેન પ્રકારે સરકારી અનાજનો જથ્થો ચોરી કરી રાત્રીના સમયે પોતાના વાહનમા ભરી વેચાણ કરવાની મોડસ ઓપરેન્ડી વાપરતા હતા. જેઓની પુછપરછ કરતા પોતે ત્રણથી ચાર વખત આ પ્રકારે સરકારી ગોડાઉનમાંથી અનાજનો જથ્થો ચોરી કરી બજારમા તેનુ વેચાણ કરી આર્થીક લાભ મેળવતા હોવાનુ જણાવતા તેમની વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# મોરબીમાં આયુષ હોસ્પિટલ ખાતે ૬ માસની બાળકીના મગજનું સફળ ઓપરેશન

## મગજમાં પાણી ભરાવાની બીમારીથી પીડિત બાળકીની ન્યુરો સર્જન દ્વારા સર્જરી

**મુખ્ય સમાચાર,મોરબી**

મોરબી શહેરની આયુષ હોસ્પિટલમાં ન્યૂરો સર્જરી વિભાગ હેઠળની ટીમ દ્વારા માત્ર ૬ મહિનાની બાળકીના મગજમાં પાણી ભરાવાની સમસ્યા માટે સફળ ઓપરેશન કરવામાં આવ્યું હતું. ન્યુરો સર્જન ડોકટર દ્વારા વીપી શન્ટ સર્જરી કરી મગજમાં ભેગું થયેલું પાણી દૂર કરવામાં આવ્યું, જેનાથી બાળકીના આરોગ્યમાં સુધારો આવ્યો હતો.



મોરબીની આયુષ હોસ્પિટલમાં દાખલ થયેલ લક્ષ્મી (ઉવ. ૬ માસ) નામની નાની બાળકીને મગજમાં પાણીનો ભરાવો થતો હતો. જેથી તેના માથાની સાઈજ વધી ગઈ હતી, ઉપરાંત તેમની ભાન અવસ્થા ખોરવાઈ હતી. અને બાળકી તકલીફમાં મુકાઈ હતી. ત્યારે આયુષ હોસ્પિટલમાં ન્યુરો સર્જન ડો. પ્રતિક પટેલ દ્વારા બાળકીના મગજમાં નળી મૂકી VP Shunt Surgery નામનું ઓપરેશન કરવામાં આવ્યું હતું.

મગજમાં પાણી ભરાવું એટલે કે હાઈડ્રોસેફેલસ જેમાં મગજના પોલાણમાં પાણીનો ભરાવો થાય છે અને મગજની તથા માથાની સાઈજ વધતી જાય છે. આ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ થતાં, બાળકીની તબિયતમાં ધીમે-ધીમે સુધારો થવા લાગ્યો હતો.

મોરબી જીલ્લામાં આ પ્રકારની સુપર સ્પેશિયાલિટી સર્જરી સેવા માત્ર આયુષ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે, જ્યાં ડો. પ્રતિક પટેલ જેવા ફુલ-ટાઈમ ન્યૂરો સર્જન સેવા આપી રહ્યા છે.

# ઉનાનાં નાલીયા માંડવી ગામે પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર લેબ સાથે નવી બેચની સુવિધા મળી



**મુખ્ય સમાચાર, ઉના અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નાલીયા માંડવી શિક્ષણનું પ્રમાણ વધુ વેગવંતુ બને અને આધુનિક શિક્ષણ થી બાળકો વંચિત ના રહે તે માટે હર હંમેશા સરપંચના પ્રતિનિધિ રફિકભાઈ સુમરા ગુજરાત સરકારનું ધ્યાન દોરતા હોય છે તેમના ગામમાં સરપંચના પ્રતિનિધિ તરીકેની જવાબદારીતે હર હંમેશા નિભાવતા હોય છે જ્યારે છેલ્લા ઘણા સમયથી પ્રાથમિક શાળામાં બેઠવાની વ્યવસ્થા નહતી માટે પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર આવે તે માટે તેઓએ સરકારને રજૂઆત કરી હતી તેમની રજૂઆતને ધ્યાને લઈને આજે પ્રાથમિક શાળામાં કોમ્પ્યુટર તેમજ બેઠવાની વ્યવસ્થા એટલે બેચો મૂકવામાં આવી જ્યારે આ બેઠવાની વ્યવસ્થા અને કોમ્પ્યુટર મુકતા બાળકો અને પ્રાથમિક શાળામાં ભણાવતા શિક્ષકોમાં પણ ખુશીનો માહોલ સર્જાયો સરપંચના પ્રતિનિધિ રફીકભાઈ સુમરા એ પણ સરકારશ્રીનો આભાર માન્યો અને આવી મોટી સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી

# જામનગરમાં રખડતા ઢોરનો ત્રાસ યથાવત! વૃદ્ધે ગુમાવ્યો જીવ



જામનગર શહેરમાં રખડતા ઢોરનો ત્રાસ સતત વધતો જાય છે. તાજેતરમાં હરિયા સ્કૂલ વિસ્તારમાં રખડતા ઢોરે એક વૃદ્ધાને શિંગડે ભેરવી રોડ પર પછાડ્યાં હતાં. જેથી મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટના સ્થળે જ લોકો એકઠા થઈ ગયા હતા અને મહિલાને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, સારવારમાં મહિલાનું મોત નીપજ્યું છે. આ સમગ્ર ઘટના ઈઈઝટમાં પણ કેદ થઈ છે.અચાનક રખડતા ઢોરે હુમલો કર્યો આ ઘટનાને વિગતવાર જોઈએ તો કલ્યાણી એપાર્ટમેન્ટમાં રહેતાં ૬૫ વર્ષીય શોભનાબેન જેવરસિંહ સોલંકી હરિયા સ્કૂલ પાસેથી પસાર થઈ રહ્યાં હતાં, ત્યારે અચાનક રખડતા ઢોરે તેમના પર હુમલો કર્યો હતો. રખડતા ઢોરે મહિલાને શિંગડે ભેરવી રોડ પર પટકી દીધાં હતાં. આ ઘટનામાં તેમને ગંભીર ઈજાઓ થતાં તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતાં. દુર્ભાગ્યે, સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નીપજ્યું હતું.આ સમગ્ર ઘટના નજીકના ઈઈઝટમાં કેદ થઈ ગઈ હતી, જેના ફૂટેજ સામે આવ્યા છે. જે ઈઈઝટમાં જોવા મળે છે કે એક વૃદ્ધા રોડ પરથી પસાર થઈ રહ્યાં છે, તે દરમિયાન અચાનક રખડતા ઢોરે આવીને વૃદ્ધા પર હુમલો કરી દીધો હતો. વૃદ્ધા કંઈ સમજે તે પહેલાં જ શિંગડે ભેરવી ફૂટબોલની જેમ રોડ પર ઉછાળ્યાં હતાં. જેથી મહિલાને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનાના થોડીવારમાં જ ત્યાં લોકો એકત્રિત થઈ ગયાં હતાં અને મહિલાને સારવાર માટે ખસેડવામાં આવ્યાં હતાં. જોકે, હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

# બુટલેગરોના મકાન પર પોલીસ તંત્ર અને વીજ ટુકડીના સામુહિક દરોડા



જામનગરના લાલપુરના પીપળી ગામ, ચારણનેશ અને પીપળીનેશમાં રહેતા બુટલેગરોના મકાન પર પોલીસ તંત્ર અને વીજ ટુકડીના સામુહિક દરોડા.જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના પીપળી ગામ, ચારણનેશ અને પીપળીનેશ ગામમાં વસવાટ કરતા ૫૭ જેટલા બુટલેગરોના મકાન પર લાલપુર અને મેઘપર પોલીસની ટીમ તેમજ વીજ ટુકડીએ સામુહિક રીતે દરોડા પાડ્યા હતા, અને વીજ ચેકિંગ દરમિયાન આઠ ઘરોમાં વીજ ચોરી મળી આવી હતી, જેઓને રૂપિયા બે લાખના દંડના પુરવણી બીલ આપવામાં આવ્યા છે.લાલપુરના નવ નિયુક્ત એ.એસ.પી. પ્રતિભાના માર્ગદર્શન હેઠળ લાલપુર પોલીસ સ્ટેશનની ટુકડી તેમજ મેઘપર પોલીસ સ્ટેશનની પોલીસ ટીમ દ્વારા લાલપુર તાલુકાના પીપળી ગામ, ચારણનેશ ગામ તેમજ પીપળીનેશ ગામમાં વસવાટ કરતા ૫૭ જેટલા દારૂના ધંધાર્થીઓ કે જેઓ પર અગાઉ દારૂની પ્રવૃત્તિ અંગેના કેસ નોંધાયેલા છે, તેવા ધંધાર્થીઓની યાદી બનાવીને સામુહિક રીતે વીજ ચેકિંગ કરવામાં આવ્યું હતું.

# વાંકાનેર તાલુકા વિસ્તારમાં પ્રોહીબિશનના ગુનામાં સંડોવાયેલ આરોપીની પાસા તળે અટકાયત



વાંકાનેર તાલુકા પોલીસ મથકમાં પ્રોહીબીશનના ગુનામાં નોંધાયેલ કેસના આરોપી વિરુદ્ધ પાસા દરખાસ્ત મંજુર થતા વાંકાનેર તાલુજ પોલીસ ટીમ દ્વારા આરોપીને પાસા એક્ટ હેઠળ ડિટેઈન કરી લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપવામાં આવેલ છે. મોરબી જીલ્લામાં વાંરવાર ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો ઉપર કડક કાર્યવાહી કરવા જીલ્લા પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા સૂચના થઈ હોય જે અનુસંધાને વાંકાનેર તાલુકા પીઆઇ ડી.વી.ખરાડીએ ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઇસમો વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી જીલ્લા મેજિસ્ટ્રેટને મોકલી આપી હોય જે અંતર્ગત અગાઉ ઇંગ્લીશ દારૂના ગુન્હામાં પકડાયેલ આરોપી યાસીનભાઈ સમા રાજકોટવાળાના જીલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પાસા વોરંટ ઇસ્યુ કરવામાં આવતા વાંકાનેર તાલુકા પોલીસ મથકની ટીમ દ્વારા આરોપી યાસીનભાઈ રહીમભાઈ સમા ઉવ.૩૧ રહે.રાજકોટ દુધની ડેરી પાસે વાળાની રાજકોટ ખાતેથી અટક કરી પાસા એક્ટ હેઠળ લાજપોર જેલ સુરત ખાતે મોકલી આપી કાયદેસર કાર્યવાહી કરવામાં આવી છે.



## મકવાણા પરીવારનું ગૌરવ

ડો. કિશોર હમીરભાઈ મકવાણા સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં MS-GENERAL SURGERY ની ડીગ્રી હાસલ કરી ને મકવાણા પરિવારનું ગૌરવ વધાર્યુ તે બદલ ખુબ ખુબ અભિનંદન. ડોકટરી ક્ષેત્રે પ્રગતિના સોપાન સર કરો તેવી અમારી શુભકામના લી..મકવાણા પરીવાર.ગીર સોમનાથ

# ઉનાનાં નવાબંદર ગામે સમસ્ત કોળી સમાજનો સમુહલગ્નોત્સવ યોજાયો




**મુખ્ય સમાચાર, ઉના અબ્દુલ પઠાણ**

ઉના તાલુકાના નવાબંદર ગામે કોળી સમાજ દ્વારા ભવ્ય સમૂહ લગ્નનું આયોજન કરવામાં આવ્યો જેમાં મોટી સંખ્યામાં કોળી સમાજના આગેવાનો જોડાયા જ્યારે આ છાઠા સમૂહ લગ્નનું આયોજન વાજતે ગાજતે કરવામાં આવ્યું જેમાં ઉના તાલુકાના ધારાસભ્ય શ્રી કાળુભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા ત્યારે જુનાગઢ જીલ્લા થતા ગીર સોમનાથ જીલ્લા કોળી સેના પ્રમુખ દીપાબેન બાંભણીયા હાજર રહ્યા હતા આ સમૂહ લગ્નનું આયોજન કરતા સ્થાનિક સરપંચના પ્રતિનિધિ સોમાભાઈ માંડણભાઇ ઉપસરપંચ તેમજ સ્થાનિક આગેવાન હરિભાઈ દાનાભાઈ તેમજ નવાબંદર ગામના કોળી સમાજના આગેવાનોઉપસ્થિત રહ્યા હતા આ સમૂહલગ્નમા સમાજના આગેવાનો દ્વારા ખુબ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી જેમ દર વર્ષની જેમ આ વર્ષે પણ આ સમૂહ લગ્નનો આયોજન કરતા આવનારા મહેમાનો માટે સુંદર બેસવાની વ્યવસ્થા કરવામાં આવી હતી આયોજન અંતે પૂર્ણ કરવામાં આવ્યું હતું

# જામનગર ખાતે આયોજિત બે દિવસીય મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટનો પ્રારંભ

**મુખ્ય સમાચાર,જામનગર**

જામનગર.રાજ્યના પ્રવાસન, સંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ વિભાગના મંત્રી મુળુભાઈ બેરાએ જામનગરના મ્યુનિસિપલ ગ્રાઉન્ડમાં આયોજિત બે દિવસીય (તા.૮-૯ ફેબ્રુઆરી) મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૫ નો પ્રારંભ કરાવતા જણાવ્યું હતું કે, મિલેટ એટલે કે પોષક અનાજ જેવા કે જુવાર, બાજરી, રાગીનો આપણા રોજીંદા આહારમાં ઉપયોગ કરવો જોઈએ. આ ધાન્યોમાં પોષક તત્વોની સાથે ખનીજ વિટામીન સમાયેલા હોય છે. જે સ્વાસ્થ્ય માટે ફાયદાકારક છે. મીલેટની વાનગીઓ આહારમાં લેવાથી નાની ઉંમરે થતા રોગોથી મુક્તિ મળે છે. રાજ્યના કૃષિમંત્રી રાઘવજીભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને મિલેટ



પાકોના વાવેતર માટે જાગૃત કરવા માટે સરકાર દ્વારા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે.

પ્રાકૃતિક કૃષિને તેમજ મીલેટ્સને પ્રાધાન્ય આપવા રાજ્યની સાત મહાનગરપાલિકાઓમાં બે દિવસીય નમિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ ૨૦૨૫'નું આયોજન કરવામાં આવ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના પ્રયાસોથી ૨૦૨૩ના વર્ષને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવવામાં આવ્યું છે. ખેડૂતોની આવક ટકાવી રાખવા માટે અને ખેતીમાં વૈવિધ્યપૂર્ણ પાકોના વાવેતર માટે મીલેટ્સ અગત્યની ભૂમિકા ભજવે છે. પર્યાવરણમાં સુધારો થાય અને ખેડૂતને પણ આર્થિક ફાયદો થાય તે માટે મિલેટ પાકોની ખેતી સાથે પ્રાકૃતિક ખેતી પણ જરૂરી છે.

અમદાવાદમાં રાજ્યકક્ષાના પમિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટથનો મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતા.

# કાલે રાજકોટ મનપા સ્ટેન્ડિંગ કમિટીની બેઠકમાં બજેટને મંજૂરી સાથે કરબોજ ફગાવાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીની બેઠક ચેરમેન જૈમીન ઠાકર ની અધ્યક્ષતામાં મળશે જેમાં દસ દિવસ પહેલા મ્યુનિસિપલ કમિશનરે સૂચવેલો કરબોજ રદ કરાશે.

આવતીકાલે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન દ્વારા અંતિમ બજેટમાં કરબોજમાંથી મળશે રાહત ડ્રાફ્ટ બજેટમાં ગાર્બેજ કલેક્શનમાં તોતિંગ વધારો સૂચવવામાં આવ્યો છે.

ગાર્બેજ કલેકશન ૩૬૫ રૂપિયાના બદલે ૧૪૬૦ રૂપિયા સૂચવવામાં આવ્યો હતો.પ્રથમ વખત ફાયર ટેક્સ સૂચવવામાં આવ્યો છે,જો કે સ્ટેન્ડિંગ કમિટી દ્વારા આ કરબોજને ફગાવવામાં આવશે, આ અંગે સ્ટેન્ડિંગ કમિટી ચેરમેને નિવેદન આપ્યું હતું કે રાજકોટવાસીઓના અમારા પર આર્શિવાદ છે જેથીનવા કરબોજ નહિ પડવા દઈએ વધુમાં આ વર્ષ ચૂંટણીનું વર્ષ હોય શાસકો કોઈ પણ પ્રકારનું જોખમ ઉઠાવવા માગતા નથી જેને લઈ તમામ કરબોજ ભગાવી દેવામાં આવશે શહેરના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખીને યોજનામાં જાહેર કરવામાં આવશે.

રાજકોટ મહાનગરપાલિકાના નવનિયુક્ત મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ બજેટ રજૂ કર્યું અને તેમાં પ્રથમ વખત લિવેબલ રાજકોટ થીમ આધારિત બજેટ રજૂ કરાયું. જોકે આ બજેટમાં લિવેબલ એટલે કે રહેવું હોય તો આકરો કર સહન કરવો પડે તેવી સ્થિતિ હતી. સફાઈ વેરો જે રહેણાક માટે ૩૬૫ રૂપિયા હતો તે વધારીને ૧૪૩૦ કરી નાખ્યો હતો એટલે કે ચાર ગણો વધારો કર્યો હતો.

# આજે વિશ્વકર્મા જયંતી : દર્શનાર્થે ઉમટયા ભક્તોના ઘોડાપુર



(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ સહીત સમગ્ર સૌરાષ્ટ્રમાં વિશ્વકર્મા જયંતીની ભાવ સભર ઉજવણી થઈ રહી છે વિશ્વકર્મા દેવને વિશ્વસર્જક માનવામાં આવી રહ્યા છે વિશ્વકર્મા જયંતી એ દેવોના સ્થપતિ, હિંદુ દેવ, વિશ્વકર્માને સમર્પિત ઉત્સવ છે. તેમને સ્વયંભુ અને વિશ્વના સર્જક તરીકે માનવામાં આવે છે. તેમણે પવિત્ર શહેર દ્વારકાનું નિર્માણ કર્યું હતું જ્યાં કૃષ્ણે શાસન કર્યું હતું. આ ઉપરાંત તેઓ પાંડવોની માયા સભા અને દેવતાઓ માટે ઘણા શસ્ત્રોના નિર્માતા હતા. આજે વિશ્વકર્મા જયંતી નિમિત્તે રાજકોટના ખડપીઠ ખાતે આવેલ વિશ્વકર્મા મંદિરમાં સવારથી ભક્તોની લાઈન લાગી છે આજે અનેક સ્થળોએ પૂજન પ્રસાદ ની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આજે વિશ્વકર્મા જયંતી નિમિત્તે વિવિધ સંગઠનો દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ સાથે સુંદર શોભાયાત્રા નું આયોજન બપોર બાદ કરવામાં આવ્યું છે.

# દિલ્હીની જનતાને આપદામાંથી મુક્તિ મળી, દિલ્હીને વિકસિત ભારતની વિકસિત રાજધાની બનાવવાનું સપનુ પૂરું કરશે વડાપ્રધાન મોદી : રાજુભાઈ ધ્રુવ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

દેશની રાજધાની નવી દિલ્હીમાં યોજાયેલી વિધાનસભાની ચૂંટણીમાં ભાજપને મળેલી શાનદાર જીતના સારથી-સુકાની , પ્રજા વત્સલ લોકનાયક નરેન્દ્રભાઈ મોદી આવનારા સમયમાં નવી દિલ્હીને વિકસિત ભારતની વિકસિત રાજધાની બનાવશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા સૌરાષ્ટ્ર ભાજપના પ્રવકતા રાજુભાઈ ધ્રુવે એક નિવેદનમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ, ભાજપના રાષ્ટ્રીય પ્રમુખ જે.પી. નડ્ડા સહિતના પક્ષના નેતાઓ અને કાર્યકરોને અભિનંદન આપ્યા છે. રાજુભાઈ ધ્રુવે કહ્યુ છે કે, આ પરિણામોથી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિકાસ અને રાષ્ટ્રવાદની રાજનીતિને સમર્થન મળ્યું છે અને જાતિવાદ અને પરિવારવાદની રાજનીતિ સમાપ્ત થઈ ગઈ છે.

રાજુભાઈ ધ્રુવે કહ્યુ છે કે, નવી દિલ્હીમાં ભાજપને બમ્પર જીત મળી છે અને આ પરિણામ વિપક્ષો દ્વારા કરવામાં આવેલા કુપ્રચાર, જૂઠ, વ્યક્તિગત આક્ષેપ અને પાયાવિહોણી રાજનીતિ વિરુદ્ધ ભારતનો જનાદેશ છે.આ જનાદેશ એ પણ દર્શાવે છે કે ભારતની જનતાએ દેશને જાતિવાદ, પરિવારવાદ અને તુષ્ટીકરણને સંપૂર્ણ રીતે ઉખાડી ને વિકાસવાદ અને રાષ્ટ્રવાદને પસંદ કર્યો છે.દિલ્હીની પ્રજાને આપદામાંથી મુક્તિ મળી છે અને હવે લોકો સાચા અર્થમાં વિકાસનો અનુભવ કરશે તેમ પણ રાજુભાઈએ જણાવ્યું છે. દેશના વિઝનરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની વિકાસયાત્રાએ કોમવાદ, જ્ઞાતિવાદ અને તુષ્ટિકરણના રાજકારણને નાબુદ કરીને દેશ પ્રથમની રાજનીતિ અપનાવી છે તેમ જણાવતા રાજુભાઈ ધ્રુવે ઉમેર્યું છે કે, એક નેતા તરીકે નરેન્દ્રભાઈ મોદીની અપરાજિત સફળતાનું કારણ છે તેમની પોતાની જાતને સતત પડકારતા રહેવાની ક્ષમતા, કોઈ પણ બાહ્ય પડકારોની ક્ષમતા કરતા વધારે તેઓ પોતાને જ પડકારે છે અને બમણા જોશ સાથે એ પડકારોથી ઊગરે છે. નરેન્દ્રભાઈ મોદી એવા મૂલ્યોનું પ્રતિનિધિત્વ કરે છે જે શાસન અને રાજકારણના સ્તરથી આગળ છે. તેઓ ભારત અને ભારતીયોમાં શ્રેષ્ઠતાની અપીલ કરે છે. તેમણે કહ્યું છે કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી એક ભારત શ્રેષ્ઠ ભારત, આત્મ નિર્ભર ભારત, સશક્ત, સમૃદ્ધ, સંપન્ન ભારતના નિર્માણ માટે એક પણ દિવસની રજા લીધા સિવાય પોતાનો સંપૂર્ણ સમય અને શક્તિ દેશના ૧૪૦ કરોડ લોકોના ઉત્થાન માટે ઉપયોગ કરી પરિશ્રમની પરાકાષ્ઠા સર્જી રહ્યા છે.

નરેન્દ્રભાઈ મોદીએ સંપૂર્ણ સમર્પણના ભાવથી દેશના કરોડો નાગરિકો માટે કાર્ય કરીને અનેક જનકલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકીને દેશના છેવાડાનાં માનવીને પણ પોતાના મૂળભૂત અધિકારો, સુવિધાઓ અને પારદર્શી વ્યવસ્થા મળી રહે તે દિશામાં અનેક નિર્ણય કર્યા છે. કાશ્મીરમાં કલમ ૩૭૦ની નાબુદી, અયોધ્યામાં રામજન્મભૂમિ વિવાદનો અંત અને મંદિરનું નિર્માણ સહિતના અનેક નિર્ણયોનો દેશ સાક્ષી બન્યો છે.

રાજુભાઈ ધ્રુવે એમ પણ કહ્યું છે આમ આદમી પાર્ટીએ લોકોને ભ્રમિત કરીને ૨૦૧૫ અને ૨૦૨૦ની ચૂંટણીમાં દિલ્હીમાં જીત મેળવી હતી. નદિલ્હી મોડેલથનો નેરેટિવ ઘડીને આખા દેશમાં ફેલાવવામાં આવ્યો હતો. લોકો પણ તેમની ભ્રમ સરજતી તેની આ નીતિમાં અંજાઈ ગયા હતા. પરંતુ કામ કર્યા હોવાની વાતો જમીની સ્તર સુધી અનુભવાઈ નહોતી.પ્રજા ને આપેલ વચનો પાલન તેમણે કર્યું ના હતું. દિલ્હી માં કાયમ લેફ્ટનન્ટ ગવર્નર કામ નથી કરવા દેતા કે કેન્દ્ર સરકાર સમસ્યા ઊભી કરે છે એવા રોદણાં રડ્યા કર્યા હતા. યમુનાની સફાઈ, શાળા-કોલેજોના બાંધકામ, પ્રદૂષણથી માંડીને દિલ્હીને લંડન બનાવવા સુધીની વાતો કરી હતી, પરંતુ આજ સુધી ન તો તે કામ જનતાને દેખાયા કે ન તો કેજરીવાલ સરકારે તેનો હિસાબ આપ્યો. લોકો સમક્ષ આમ આદમી પાર્ટીની અસલિયત સામે આવી ગઈ હતી અને એટલે જ લોકોએ તેમને જાકારો આપ્યો છે.

રાજુભાઈ ધ્રુવે અંતમાં એમ પણ કહ્યું છે કે, આજે દેશના અનેક રાજ્યોમાં ભાજપનો ભગવો ધ્વજ લહેરાઈ રહ્યો છે અને પ્રજા વિકાસનો અનુભવ કરી રહી છે. આવનારા દિવસોમાં પણ પ.બંગાળ સહિત અન્ય રાજ્યોમાં પણ ભાજપ દેશ ની એકતા અખંડિતતા અને વિકાસના મુદ્દે ચૂંટણી લડશે અને પ્રજાના આશીર્વાદ સાથે જીત મેળવશે. વિરોધ પક્ષો પાસે કોઈ ચોક્કસ રાજકીય વિચારધારા નથી. તે માત્ર સત્તા કોઈપણ હિસાબે મેળવવા દેશહિત ને નુકસાન કરતા ભ્રામક વચનો અને મફત ની રેવડી ના રાજકારણથી તરવાના



પ્રયાસો જ કરતી રહી છે. પરંતુ લોકોને મફત ની રેવદિવના રાજકારણ પછી થતાં સમાજ ને અને રાષ્ટ્ર ને નુકસાન કરતા ગેરફાયદા પણ દેખાવા લાગ્યા હતા. લોકોએ જુઠાણા અને આ રેવડીને જાકારો આપ્યો છે અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી ની ડબલ એન્જીન વાળી સરકાર ની વાત નો સ્વીકાર કરી દિલ્હી માં ભાજપ ને અભૂતપૂર્વ અને ઐતિહાસિક જીત આપી છે .ભાજપ નો આભવ્ય વિજય જ સાબિત કરે છે કે, લોકો નરેન્દ્રભાઈ મોદીમાં અખૂટ ભરોસો રાખી તેમના પ્રજાવત્સલ પારદર્શી સુશાસન માટે ભાજપ ઉમેદવારો ને જંગી બહુમતી સાથે દિલ્હી માં વિજેતા બનાવ્યા છે.

# રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં બ્લોકને કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનોને અસર

**મુખ્ય સમાચાર,રાજકોટ**

પશ્ચિમ રેલ્વેના રાજકોટ-ભક્તિનગર સેક્શનમાં રોડ અંડર બ્રિજના બાંધકામ માટે એન્જિનિયરિંગ વિભાગ દ્વારા બ્લોક લેવામાં આવશે, જેના કારણે રાજકોટ ડિવિઝનમાંથી પસાર થતી કેટલીક ટ્રેનો થશે. વિગતો નીચે મુજબ છેઃ

રદ કરાયેલી ટ્રેનો ૧. ટ્રેન નંબર ૫૯૪૨૪ વેરાવળ-રાજકોટ લોકલ ૧૦.૦૨.૨૦૨૫ ના રોજ રદ રહેશે. ૨. ટ્રેન નંબર ૫૯૪૨૩ રાજકોટ-વેરાવળ લોકલ ૧૧.૦૨.૨૦૨૫ ના રોજ રદ રહેશે.

રીશેડ્યુલ કરેલ ટ્રેનો ૧. ટ્રેન નં. ૫૯૪૨૪ વેરાવળ-રાજકોટ લોકલ ૦૮.૦૨.૨૦૨૫ ના રોજ વેરાવળથી ૨ કલાક મોડી ઉપડવા માટે રીશેડ્યૂલ કરવામાં આવી છે. આ ટ્રેન વેરાવળથી ૦૮.૦૨.૨૦૨૫ ના રોજ તેના નિર્ધારિત સમય ૧૭.૦૦ કલાકને બદલે ૧૯.૦૦ કલાકે ઉપડશે.

ટ્રેનોના સ્ટોપેજ, સમય અને રચના અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

# જય વેલનાથ જય માંધાતા ટ્રસ્ટના મહામંત્રી કલ્પેશભાઈ બાવરીયાનો આજે જન્મદિવસ



કોળી સમાજના અડીખમ યુવા આગેવાન કલ્પેશભાઈ બાવરીયા નો આજે ૧૦ ફેબ્રુઆરીએ સોમવારે જન્મદિવસ છે. તેઓ ચુંવાળીયા, તળપદા, ઘેડીયા, દિવેચા સમસ્ત કોળી સમાજને સાથી રાખીને દર વર્ષે સમસ્ત કોળી સમાજના ઉચ્ચ અભ્યાસ કરેલ દિકરા-દીકરીઓ માટે જીવનસાથી પસંદગી મેળાનું રાજકોટ આયોજન કરવામાં આવે છે. તેમના મુખ્ય આયોજક છે. તેમજ રાજકોટ કાર્યાલય ખાતે જીવનસાથી પસંદગી માહિતી કેન્દ્રમાં વિનામુલ્યે સેવા આપવામાં આવે છે. સમસ્ત કોળી એકતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા સમસ્ત કોળી સમાજના સમુહલગ્ન નું આયોજન તારીખ ૧૫/૫/૨૦૨૫ માં રાજકોટ શહેરના આંગણે શાહી જાજરમાન યોજાશે તેમના મુખ્ય આયોજક છે અને સમસ્ત કોળી સમાજ વેપારી સંગઠન રાજકોટના સંયોજક છે. કોળી ઠાકોર સેના રાસોત્સવ તેમજ કોળી ઠાકોર સેના સૌરાષ્ટ્ર પ્રમુખ છે. સરકારી કર્મચારીઓનું સન્માન સમારોહ, રકતદાન કેમ્પ, સીવીલ હોસ્પીટલમાં ફડ વિતરણ, જય વેલનાથ જય માંધાતા એકતા રથયાત્રા આ કાર્યક્રમોનું આયોજન કરી રહયા છે. કોળી સમાજની વિવિધ સંસ્થાઓમાં તેમનું મહત્વનું યોગદાન છે. કલ્પેશભાઈ બાવરીયા અંગત જીવનમાં તો તેઓ મિત્ર અને મિત્રતા તેમજ સંબંધોજ જીવનની સાચી મુડી માને છે. તેઓ બહોળુ મિત્ર વર્તુળ અને ચાહક વર્ગ ધરાવતા આજે તેમના જન્મદિવસે તેમના મો. નં. ૭૯૮૪૫ ૯૪૪૨૪ ઉપર શુભેચ્છાનો વરસાદ વર્ષી રહ્યો છે.

# એરપોર્ટના નવા ટર્મિનલના ઉદ્ઘાટનમાં મુસાફરો બન્યા મુખ્ય મહેમાનો

**મુખ્ય સમાચાર,રાજકોટ**





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ-અમદાવાદ હાઈવે ઉપર હીરાસર ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે ગઈકાલે ૯ ફેબ્રુઆરીને રવિવારે સવારે ૭.૩૦ કલાકે ૨૩,૦૦૦ ચો.મી.માં નવનિર્મિત આધુનિક ટર્મિનલને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

રાજકીય પદાધિકારીઓ અને સ્તથાનિક રાજકીય પદાધિકારીઓ અને સ્થાનિક અધિકારીઓની ઉપસ્થિતિમાં આયોજિત સમારોહમાં મુસાફરો માટેની આધુનિક સુવિધાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. નવા ટર્મિનલમાં સૌ પ્રથમ મુંબઈ-રાજકોટની એર ઈન્ડિયાની ફ્લાઈટના મુસાફરોનું આગમન થતાં મહાનુભાવોના હસ્તે પુષ્પગુચ્છથી સ્વાગત કરી મોં મીઠા કરાવવામાં આવ્યું હતું.

રાજકોટ નજીક હીરાસરમાં ગ્રીન ફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટનું ઉદઘાટન વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે ૨૭ જુલાઈ ૨૦૨૩ના કરવામાં આવ્યા બાદ ૨૦ સપ્ટેમ્બર-૨૦૨૩થી એરપોર્ટમાં વિધિવત હવાઈ સેવાનો પ્રારંભ થયો હતો. પ્રથમ તબકકામાં કાર્ગો બિલ્ડિંગમાં હંગામી ધોરણે ટર્મિનલ ઉભું કરી વિમાની સેવા શરૂ કરવામાં આવી હતી. ત્યારબાદ અહીં કાયમી ધોરણે નવું અદ્યતન ટર્મિનલ શરૂ કરવાનું જે કામ શરૂ થયું હતું તે પરીપૂર્ણ થતાં તેનું લોકાર્પણ આજે કરવામાં આવ્યું હતું.

નવું ટર્મિનલ પીકઅવર્સ દરમિયાન ૨૮૦૦ મુસાફરોની સંખ્યાને ધ્યાનમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે. જેમાં બોર્ડીંગ ગેઈટ ૩ ગ્રાઉન્ડ ફ્લોર બોર્ડીંગ ગેઈટ દૂરથી પાર્ક કરેલા નાના એરક્રાફ્ટ માટે તૈયાર કરવામાં આવ્યા છે. જયારે અન્ય ૨ બોર્ડીંઝ ગેઈટ પેસેન્જર બોર્ડીંગ બેઝ સાથે જોડાયેલા છે. હાલ અહીં ૪૫૦ મુસાફરો માટેની બેઠક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ૧૨ ઈમીગ્રેશન સેન્ટર અને અરાઈવલ હોલમાં ૨૬ ઈમીગ્રેશન કાઉન્ટર ઉભા કરવામાં આવ્યા છે. બે કસ્ટમ કાઉન્ટર બનાવવામાં આવ્યા છે. આજથી આ સુવિધા રાજકોટના વિમાની સેવાના મુસાફરો માટે ખુલ્લી મુકવામાં આવી છે. હાલમાં સૌરાષ્ટ્ર ના ઉદ્યોગકારોને હવાઈ માર્ગે પોતાનો માલ વિદેશ મોકલવા અમદાવાદ એરપોર્ટ પર માલ પહોચાડવો પડે છે. આ ઉપરાંત ગીરની પ્રખ્યાત કેસર કેરી ની નિકાસ કરવા માટે પણ અમદાવાદ સુધી રેફ્રિજરેટેડ કાર્ગો માં માલ મોકલવો પડે છે. રાજકોટ ખાતે જ ઈમ્પોર્ટ એક્સપોર્ટની સુવિધા ઊભી થતા ખેડૂતો-વેપારીઓને બહોળો લાભ મળશે.

# ઘરેથી નીકળી ગયેલી મહિલાનું પતિ સાથે મિલન કરાવતી અભયમ ટીમ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

તારીખ :-૦૯/૦૨/૨૦૨૫ ના રોજ સવારે એક સજ્જન વ્યક્તિ દ્વારા ૧૮૧ માં ફોન આવેલ કે એક મહિલા મળી આવેલ છે માટે મદદની જરૂર છે

ત્યારબાદ કેસ આવતાની સાથે જ તાત્કાલ ૧૮૧ ટીમ ઘટના સ્થળે પહોંચેલ. ૧૮૧ ટીમના કાઉન્સિલર સેજલ પટેલ કોન્સ્ટેબલ જયેશ્રીબેન તેમજ પાયલોટ જીગરભાઈ તે મહિલા સુધી પહોંચેલ તે સર્જન વ્યક્તિએ જણાવેલ કે મહિલા ક્યારના એકલા ઉભા હોય તેમજ રડતા હોય ત્યારબાદ સૌ પ્રથમ મહિલા ને સાંત્વના આપી ધીરજ સાથે કાઉન્સિલિંગ કરેલ તો તેમણે જણાવેલ કે તેવો મૂળ ઓડિશા ના હોય અહીંયા તેઓ તેમના પતિ સાથે એક કંપનીમાં કામ કરવા આવે હોય પરંતુ પતિ સાથે ઝઘડો થતાં તે તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળી ગયેલ હોય મહિલાને સલાહ સુચન માર્ગદર્શન આપેલ સમજાવેલ કે હવે પછી તેમના પતિને જાણ કર્યા વગર ઘરેથી નીકળશે નહીં અને પછી તે પીડિતા મહિલાયે જણાવેલ સરનામા પ્રમાણે ત્યા પહોંચી તેમના પતિને સોંપેલ પતિ નું કાઉન્સિલિંગ કરતા તેમણે જણાવેલ કે તેમની પત્ની જાણ કર્યા વગર નીકળી ગયા બાદ આજુબાજુના વિસ્તારમાં તેમજ ઘણા લોકોને તેમની પત્ની બાબતે પૂછપરછ કરેલ પરંતુ કાંઈ ખબર મળે નહીં પોતે પણ ચિંતિત હતા ત્યારબાદ ૧૮૧ ટીમ દ્વારા તેમના પતિને સલાહ સૂચન અને માર્ગદર્શન આપેલ પોલીસ સ્ટેશન વિશે કાયદાકીય માહિતી આપેલ તેમજ તેમની પત્ની જોડે ઝગડો ના કરવા જણાવેલ અને હવે

CALL 181 WOMEN HELPLINE ADVICE • RESCUE • COUNSELING

પછી તેમની પત્નીનું ધ્યાન રાખે જેથી હવે પછી આવી રીતે ઘરેથી ના નીકળે તેમજ મહિલાએ પણ જણાવેલ કે હવે પછી તેમના પતિ ને કહયા વગર ક્યારેય નીકળશે નહીં તેવું જણાવે અને રાજી ખુશી થી તેમના પતિ સાથે રહેવા જણાવેલ આમ મહિલાનુ પતિ સાથે મિલન કરાવેલ મહિલાના પતિએ સહીસલામત તેમના ઘરે પહોંચાડવા બદલ ૧૮૧ અભયમ ટીમનો આભાર માન્યો હતો

# રાજકોટમાં દોરાધાગા કરી લોકોના દુઃખ દર્દ દૂર કરવાનો દાવો કરતા ભૂઈમાનો વિજ્ઞાનજાથાએ પર્દાફાશ કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરના નાના મવા મેઈન રોડ પર મેઘમાયા નગરમાં રહેતા એક ભૂઈમા દ્વારા દોરાધાગા કરી લોકોના દુઃખ દર્દ દૂર કરવાનો દાવો કરતા હોવાની માહિતી મળ્યા બાદ વિજ્ઞાનજાથાએ દરોડો પાડી પર્દાફાશ કર્યો હતો. વિજ્ઞાનજાથાની કાર્યવાહી બાદ ભૂઈમાએ આજથી જોવાનું બંધ કરવાની ખાતરી આપી હતી. જોવા માટે ભૂઈમાં લોકો પાસેથી મોટી રકમ લેતા હોવાનો પણ વિજ્ઞાનજાથાએ દાવો કર્યો હતો.

રાજકોટ જનવિજ્ઞાન જાથાના જયંત પંડ્યાએ જણાવ્યું હતુ કે, શહેરના નાનામાવા મેઈન રોડ ઉપર મેઘમાયા નગરમાં રહેતા એક ભૂઈમા પોતાના ઘરમાં મઢ બનાવી મઢ બનાવી દોરા ધાગાથી દુઃખ - દર્દ મટાડવાનુ કામ કરતા હતા. અમારી પાસે તમામ પ્રકારના પુરાવાઓ હતા કે લોકો સાથે આર્થિક, શારીરિક અને માનસિક છેતરપિંડી કરતા હતા. જેને કબુલાત આપી દીધી છે કે આજથી હું દોરા ધાગા બંધ કરું છું.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, ભૂઈ માં કહે છે કે હુ ૭ વર્ષથી દોરા ધાગા જોવાનુ કામ કરું છું જોકે આસપાસમાં રહેતા પડોશીઓનું એવું કહેવું છે કે તે બેનના જ્યારથી લગ્ન થયા ત્યારથી તેઓ દોરા ધાગે જોવાનું કામ કરે છે એટલે કે લગભગ છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષથી આ કામ કરી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યું છે. અમે જ્યારે અહીં આવ્યા ત્યારે આ બહેન દોરા ધાગા કરતા હતા અને જે પૈસા લીધા હતા તે જે તે



(તસ્વીરઃ આનંદ જાવિયા)

પીડિત વ્યક્તિને પરત આપી દીધા છે. અમારા જાણવા મુજબ આ ભુઈ માં રૂ. ૫૦૦૦ ની રૂ. ૧ લાખ સુધીની ફી વસૂલતા હતા. આ બાબતે તેમના પતિ દ્વારા પણ સ્વીકારવામાં આવ્યું છે કે તે દાણા નાખી જોવાનુ કામ કરતા હતા. જેથી અમે તુરંત અહીં રેડ પાડી છે અને આ ભૂઈમાને રંગેહાથ ઝડપી લીધા છે. જેઓ લોકો સાથે અંધ શ્રદ્ધાના નામે નાણાંની વસુલાત કરતા હતા.

જ્યારે ભૂઈમાએ જણાવ્યું હતુ કે, હું ૭ વર્ષથી દાણા નાખી દોરા ધાગા બાંધી લોકોના દુઃખ દર્દ દુર કરું છું. માતાજી સારું કરે તે ભરોસે દોરા આગળ બાંધી દેતી હતી કે માતાજી સારું કરે. મહિને - બે મહિને એક વખત લોકો પોતાના દુઃખ દર્દ લઈને આવતા હતા અને તેઓને દોરો બાંધી દેતી કહેતી કે માતાજી સારું કરે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# કોન્ટ્રાકટરને મરવા મજબુર કરનાર ૧૦ વ્યાજખોર પૈકી ચારની ધરપકડ

## વ્યાજે લીધેલ રકમ બે ગણી ચુકવ્યા છતાં વ્યાજખોરો ઉઘરાણી કરતાઃ સ્યુસાઈડ નોટ તેમજ વીડિયો બનાવી રેસકોર્ષમાં ૧૨ દિવસ પુર્વે દવા પી દીધી હતી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના કોઠારીયા વિસ્તારમાં રહેતા બાંધકામ કોન્ટ્રાકટરે સ્યુસાઈડ નોટમાં ૧૦ વ્યાજખોરોના નામ લખી રેસકોર્ષના શૌચાલય નજીક ઝેરી પાવડર પી લીધો હતો.તાકિદે સારવાર અર્થે સિવિલ હોસ્પિ.માં ખસેડતા – સારવાર દરમ્યાન દમ તોડી દેતા – પ્ર.નગર પોલીસે સ્યુસાઈડ નોટ કબજે – કરી ૧૨ દિવસ બાદ વ્યાજખોરો સામે – ગુનો નોંધ્યો છે. કોઠારીયામાં રહેતાં અને બાંધકામ * કોન્ટ્રાકટર તરીકે કામ કરતા અલ્પેશ – કાનજીભાઈ સાકરીયા ઉ.૩૪ નામના યુવકે ગત.તા.૨૮ના રાત્રીના રેસકોર્ષ નજીક શૌચાલય પાસે ઝેરી પાવડર પી લેતાં તાકિદે સિવિલ હોસ્પિ.માં ખસેડાયા હતા.પરંતુ સારવાર દરમ્યાન હોસ્પિ.ના બિછાને દમ તોડી દેતા હોસ્પિ.ચોકીના સ્ટાફે નોંધ કરી પ્ર.નગર પોલીસને જાણ કરતા સ્ટાફ દોડી જઈ કાર્યવાહી કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક કેટલાક દિવસોથી આર્થિક સંકળામણમાં હતા અને વ્યાજખોરીમાં ફસાઈ ગયા હતા.ધંધા માટે વિવિધ લોકો પાસેથી પૈસા વ્યાજે લીધા હતા જે રકમ મુડી કરતા પણ વધારે ચુકવી દીધી હોવા છતાં વ્યાજખોરો ઉઘરાણી કરતા હતા. ગતરાત્રીના કુંટુંબી ભાઈ–બહેનના હોટ્સએપ ગ્રુપમાં એક વિડિયો મુકયો હતો.જેમાં કહ્યું કે મારી બધી બહેનોને જય માતાજી, છેલ્લો મારો વિડિયો છે, સુખી રહેજો. જય માતાજી હો બધી બહેનોને જેથી બધા ચિંતામાં મુકાઈ ગયા હતા. મૃતકના ભાઈએ હાર્દિક અલ્પેશને ફોન કરતા કટ કરી નાખ્યો અને મેસેજ કર્યો કે રેસકોર્ષમાં છું જેથી પરિવારજનો સાથે ત્યાં પહોંચી ૧૦૮ મારફત સિવિલ હોસ્પિ.માં ખસેડયો અને ટુંકી સારવારમાં દમ તોડી દીધો હતો. મૃતક અલ્પેશે આપઘાત પુર્વે સ્યુસાઈડ નોટ લખી જણાવ્યું હતું કે વ્યાજખોર પંકજ, યોગેશ, ખીમજી, જોગેશ, તાહેર, ભીખુ, પરાગ, સિધ્ધાંતસિંહ, અર્જુનસિંહ,વિપુલ, સહિતના ૧૦ વ્યાજખોરો સામે પોલીસે ૧૨ દિવસ બાદ ગુનો નોંધી ચાર વ્યાજખોરોની પોલીસે ધરપકડ કરી છે.

# કારમાં ચોરખાનું બનાવી દારૂનો જથ્થો લાવનાર ત્રણ શખ્સોને ક્રાઈમ બ્રાન્ચે દબોચી લીધા

## ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે રાજકોટ અમદાવાદ હાઈવે પર ક્રિષ્ના પાર્ક પાસે અને પંચનાથ પ્લોટ માં બે દરોડા પાડી રૂપિયા ૧૨ લાખથી વધુનો મુદ્દા માલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ક્રાઈમ બ્રાન્ચ ની ટીમે રાજકોટ અમદાવાદ હાઈવે પર ક્રિષ્ના પાર્ક પાસે અને રાજકોટના પંચનાથ પ્લોટ માં બે અલગ અલગ દરોડા પાડી કારમાં વિદેશી દારૂના જથ્થા સાથે ત્રણ શખ્સોને દબોચી લેવામાં સફળતા મળી છે પોલીસે બંને દરોડામાં રૂપિયા ૧૨ લાખથી વધુ નો મુદ્દા માલ કબજે કર્યો છે. અંગેની પોલીસ માંથી મળતી માહિતી મુજબ ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એમ આર ગોંડલીયા તથા એમ એલ ડામોર ની સૂચનાથી પીએસઆઈ એમ કે મોબાઈલયા અને તેની ટીમના માણસો રાજકોટ અમદાવાદ હાઈવે પર પેટ્રોલિંગમાં હતા ત્યારે ચોક્કસ વાતમીના




આધારે ક્રિષ્ના વોટરપાર્ક પાસે વોચ ગોઠવી હતી તે દરમિયાન એક ટોયોટો ઈતિહાસકાર નંબર લષ ૧૮ ફઢ ૫૭ ૮૮ નંબરની કારમાં બે શખ્સો શંકાસ્પદ રીતે નીકળતા પોલીસે તેને અટકાવી કારની તલાસી લેતા કારમાં ચોરખાનું બનાવી રેડ લેબલની ૪૮ બોટલ ડેન્ટલ સ્પ્રાઈડની બહાર બોટલ સિગ્નેચરની ૨૪ બોટલ સહિત રૂપિયા ૧.૨૭,૦૦,૦૦૦ નો દારૂ ઝડપી લઈ કારનો ચાલક મોરબીના કુંતાસી ગામનો કિશોર દેવા સોમાણી નામના કોળી શખ્સની અને કાયદાના સંઘર્ષમાં આવેલ એક બાળ આરોપી સહિત બે શખ્સોની ધરપકડ કરી કાર સહિત ₹૬.૨૭ લાખનો મુદ્દામાલ કબજે કર્યો હતો. જ્યારે બીજા દોડામાં ક્રાઈમ બ્રાંચના પીએસઆઈ એમ કે મોબાઈલિયા તથા તેની ટીમના માણસોએ શહેરના પંચાયત પ્લોટ શેરી નંબર ૧૧ પાસેથી ઈતિહાસકાર નંબર લષ ૧ મર્િ૯૮ ૭૭ માં મોટી ટાંકી ચોક પાસે દૌલીવાડ શેરી નંબર ૭ માં રહેતો અતુલ નરસિંહ પરમાર નામના શખ્સને દબોચી લઈ કારમાં ચોરખાનું બની છુપાવેલો રેડ લેબલ ની ૪૮ બોટલ બ્લેન્ડર ની ૨૩ બોટલ અને બે મોબાઈલ સહિત તથા કાર મળી કુલ રૂપિયા ૫.૯૯ લાખનો મુદ્દા માલ કબજે કરી અતુલ પરમાર નામના બુટલેગરની ધરપકડ કરવામાં આવી છે.

# પડધરી બાયપાસ પાસે ટ્રક પાછળ બાઈક ઘૂસી જતા આગ ભભૂકી, ચાલકનું ઘટના સ્થળે મોત

## રાજકોટ કામ પૂર્ણ કરી પરત ઘરે જતી વેળાએ બનેલો બનાવઃ પોલીસે ટ્રક ચાલક સામે ગુનો નોંધી સકંજામાં લીધો





(તસ્વીરઃ આનંદ જાવિયા)

પડધરી બાયપાસ નજીક આવેલ ક્રિસ્ટલ સ્કૂલ પાસે ટ્રક અને બાઈક વચ્ચે અકસ્માત થયા બાદ ટ્રકમાં આગ ભભૂકતા બાઈક ચાલક યુવાનનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. બનાવ અંગેની જાણ થતા જ પોલીસ દોડી જઈ ટ્રક ચાલક સામે ગુનોં નોંધી સકંજામાં લીધો હતો પડધરી એસઆરના પંપ પાસે ઝુંપડામાં રહેતા અને તગારા બનાવવાનું કામ કરતા રસુલ ઉર્ફે રસિક ધુળાભાઈ સિંધવ ઉ.૪૦ નામનો યુવક કામ સબબ રાજકોટ બાઈક લઈને ગયો હતો. અને ત્યાંથી કામ પુર્ણ કરી પરત ઘરે આવી રહ્યો હતો. ત્યારે પડધરી બાયપાસ ક્રિસ્ટલ સ્કૂલ પાસે પહોંચતા વળાંક લેતા ટ્રક પાછળ બાઈક ઘૂસી જતા બાઈકની પેટ્રોલની ટાંકી લીંક થતા જ રૂ ભરેલા ટ્રકના ટાયરમાં આગ લાગતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ હતું અને બનાવના પગલે લોકોના ટોળા એકઠા થયા હતા. અને અકસ્માતમાં ઘવાયેલા યુવકને તાકિદે આગમાંથી બહાર કાઢ્યો હતો યુવકને માથે–શરીરે ગંભીર ઈજા પહોંચતા ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. બનાવ અંગેની પડધરી પોલીસને સ્થાનિક લોકોએ જાણ કરતા એએસઆઈ દિવ્યરાજ સરવૈયા સહિતનો સ્ટાફ દોડી જઈ મૃતદેહને પડધરી સિવિલ હોસ્પિ.માં ખસેડી કાર્યવાહી કરી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક પરિવારનો આધાર સ્તંભ હતો. અને સંતાનમાં બે પુત્રો છે. મૃતકના પરિવારની ફરિયાદ પરથી અકસ્માત સર્જનાર ટ્રક ચાલક સામે ગુનો નોંધી સકંજામાં લીધો હતો.

# કુરિયરના કર્મચારીએ ચાંદીના પાર્સલના બદલે પથ્થરો,લોટ અને મીઠું ભરી પાર્સલ મોકલી દીધું

## રૂ.૧૩.૬૪ લાખની ચાંદી લઈ કર્મચારી નાસી જતા બી. ડીવીઝન પોલીસમાં ફરિયાદ નોંધાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાં રણછોડનગર વિસ્તારમાં આવેલ આકાશ લોજીસ્ટ્રીક નામની કુરિયર પેઢીના કર્મચારીએ ચાંદીના પાર્સલમાં પથ્થરો, લોટ અને મીઠુ ભરી મોકલી દીધું હતું અને રૂ. ૧૩.૬૪.૫૬૦ની કિંમતના ૧૯૩૨૩ કિલો ચાંદીના દાગીના લઈ નાસી છૂટયો હોવાની કુરિયર સંચાલકે ફરિયાદ નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. પોલીસે ફરિયાદના આધારે ઠગાઈ કરી નાશી છૂટેલા શખ્સને ઝડપી લેવા ચક્રોગતિમાન કર્યા છે. આ બનાવ અંગે પોલીસમાંથી જાણવા મળતી વિગત મુજબ મુળ રાજસ્થાનના વતની અને હાલ રાજકોટમાં રણછોડનગર વિસ્તારમાં રહેતા અને રણછોડનગર વિસ્તારમાં જ આકાશ લોજીસ્ટ્રીક નામની કુરિયરની ઓફિસ ધરાવતા આકાશ સિંગ ગિરીરાજસિંગ પરમાર નામના ૨૫ વર્ષના વેપારીએ કુરિયરમાં નોકરી કરતા રાજસ્થાનના જ પોતાના સબંધી લણપુરી કિશનપુરી ગોસ્વામી વિરુદ્ધ બીડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

આકાશ સિંગ પરમારે ફરિયાદમાં નોંધાવ્યું છે કે, ગત તા. ૨૪ ડિસેમ્બરના રોજ તેના ભાઈ અતુલને પરીક્ષા હોવાથી તે વતનમાં પરીક્ષા આપવા ગયો હતો. અને બાદમાં તેની તબિયત લથડતા તે પણ વતનમાં ગયો હતો તે દરમિયાન લક્ષ્મણપુરી ગોસ્વામીના હવાલે ઓફિસ ખુલી મુકી હતી અને આકાશ સિંગ પરમારે મારે બે દિવસ આવતા મોડુ થશે તુ ઓફિસનું ધ્યાન ૧૩.૬૪ લાખનું ૧૯૩૨૩ કિ.ગ્રા ચાંદી લઈ નાસી છૂટ્યો હોવાની ફરિયાદ રાખજે તકેવું કહેતા લક્ષ્મણપુરી ગોસ્વામીએ પણ પોતાને વતનમાં જવાનું હોવાનું કહી દીધું હતું. અને બાદમાં આકાશ સિંગ પરમારે ફોન કરતા તેનો ફોન બંધ આવતો હતો અને ઓફિસનો ફોન રિસિવ થતો ન હતો જેથી આકાશ સિંગે ઓફિસમાં રાખેલા કેમેરા પોતાના મોબાઈલમાં ચેક કરતા ઓફિસ બંધ હાલતમાં જોવા મળી હતી. અને ઓફિસનો ફોન પણ ટેબલ ઉપર પડયો હતો. જેથી આકાશ સિંગ પરમાર રાજકોટ આવતાની સાથે જ ઓફિસે દોડી ગયા હતાં. જ્યાં ઓફિસમાં પાર્સલ કરવાના ૫૦ કુરિયર પડયા હતાં. જે બાબતે પાર્ટીઓને ફોન કરી પાર્સલ બાબતે જાણકારી મેળવી હતી.

એક પાર્સલ પ્રશાંતભાઈ સુબોધભાઈ ચોવટિયા રાજધાની સિલ્વર ઓર્નામેન્ટનું હતું જેની રશીદ લક્ષ્મણગીરી ગોસ્વામીના નામે બનાવેલ હતી. જે બોક્સ સાથે ૧૯,૮૦૦ કિ. ગ્રા. દાગીના હતાં તેમજ બીજુ પાર્સલ શિવશક્તિ ઓર્નામેન્ટનું હતું જે બોક્સ સાથે એક કિલો ગ્રામ દાગીના હતાં જેની કાચી રસીદ પણ કિશનપુરી ગોસ્વામીના નામે હતી. જેમાં પ્રશાંતભાઈ ચોવટિયાએ ઓફિસે આવીને જણાવેલ કે, તમારી ઓફિસેથી ૧૮,૬૪૭ કિ.ગ્રા. ચાંદીના દાગીના મહારાષ્ટ્ર ખાતે આવેલ કેદાર જવેલર્સમાં મોકલી આપેલ હતાં. જેમાં દાગીનાના બદલે લોટ અને મીઠુ મોકલેલ છે જેનો વીડિયો પણ મોકલેલ છે. તેમજ શિવશક્તિ ઓર્નામેન્ટ દ્વારા મહારાષ્ટ્ર ખાતે મોકલેલ સાથી જવેલર્સમાં પણ લક્ષ્મણ ગોસ્વામીએ ૦.૬૭૬ ગ્રામ દાગીના કાઢી પથ્થરો ભરી મોકલી આપ્યા હોવાનું સામે આવતા ફરિયાદ નોંધાવી હોવાનું જણાવ્યું હતું. આ અંગે બીડીવીઝન પોલીસ મથકના પીએસઆઈ વી.એચ. પરમારે નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# બાપુનગર મેઈન રોડ પર કારખાનામાં ભીષણ આગઃ લાખોનું નુકસાન

**મુખ્ય સમાચાર,રાજકોટ**





રાજકોટમાં રવિવારની સવારે બાપુનગર મેઈન રોડ ઉપર આવેલા એક કારખાનામાં આગની ઘટના સામે આવી હતી શોર્ટ સર્કિટના કારણે એન. કે. વેક્યુમ નામના કારખાનામાં આગ લાગતા બે ફાયર ફાઈટર સાથે કાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો અને સતત એક કલાક સુધી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવી લીધો હતો. કારખાનાના માલિકના જણાવ્યા પ્રમાણે રૂપિયા બે લાખની રોડ, એક બાઈક, લેપટોપ અને બે મોબાઈલ આગમાં બળીને ખાખ થઈ ગયા હતા. જોકે કારખાનામાં કામ કરતા કામદારો સમય સૂચકતા વાપરી કારખાનાની બહાર નીકળી જતા મોટી જાનહાની ટળી હતી. આ અંગે વિગત મુજબ બાપુનગર મેઈન રોડ ઉપર આવેલા એન. કે.વેક્યુમ નામના કારખાનામાં સવારના દસેક વાગ્યાના અરસામાં અચાનક આગ ફાટી નીકળી હતી. જેને લીધે કામ કરતા કામદારો કારખાનાની ભહાર નીકળી ગયા હતા. જેથી કોઈ જાનહાનિ થઈ ન હતી. જેની જાણ ફાયર બ્રિગેડને કરવામાં આવતા ફાયર ફાઈટર સાથે સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. મુખ્ય હાયર સ્ટેશન અને બાદમા કોઠારીયા રોડ પરંતુ કારખાનામાં મોટું નુકસાન થયું અ કારખાનાના માલિક જયદીપભાઈના જણાવ્યા પ્રમાણે, રૂપિયા બે લાખની રોકડ, એક લેપટોપ અને બે મોબાઈલ આગમાં સળગી ગયા હતા. આ ઉપરાંત બાઈક નંબર ઋૠઉં ૦૫ ઊંઉ ૯૨૨૬ આગમાં બળીને ખાખ થઈ ગયું હતુ. જોકે આગમાં કારખાનામાં રાખેલું ભાઈક સળગી ગયું હતું તો વેક્યુમના મશીન અને ઓફિસનું ફર્નિચર આગમાં બળીને ખાખ થઈ ગયુ હતુ. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનુ જાણવા મળી રહ્યુ છે.

પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. જોકે નુકશાનીનો આંકડો સામે આવ્યો નથી. ફાયર સ્ટેશનથી ફાયર બ્રિગેડની ગાડી ત્યાં પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી એક કલાકમાં આગ પર કાબુ મેળવ્યો હતો. જેમાં કોઈ વ્યક્તિને નુકશાની પહોંચી ન હતી

# રાજકોટમાં વેપારીને ભડાકો ભારે પડ્યો, પોલીસે ગુનો નોંધી દબોચી લીધો

- ગોડાઉનની છત પર ઉભા રહી પરવાનાવાળી રિવોલ્વરમાંથી ફાયરિંગ કરતો વીડિયો વાયરલ થતા કાર્યવાહી

**મુખ્ય સમાચાર,રાજકોટ**

શહેરના નવાગામમાં વેપારીએ ગોડાઉનની છત પર ઉભા રહી પરવાનાવાળી રિવોલ્વરમાંથી ભડાકા કરતો હોવાનો વીડિયો વાયરલ થતાં જ પોલીસે વેપારીની ધરપકડ કરી કાયદાની કડકભાષામાં સમજણ કરાવી હતી. મળતી વિગતો મુજબ, સોશિયલ મીડિયામાં એક શખસ રિવોલ્વરમાંથી ભડાકા કરતો હોવાનો વીડિયો વાયરલ થતાં જ શહેર પોલીસ હરકતમાં આવી તપાસ કરતા વીડિયોમાં દેખાતો શખસ નવાગામ આણંદપુર મફતિયાપરામાં રહેતો અજય ઉર્ફે અજુ જીવણભાઈ ઝાપડા (ઉ.વ. ૪૫) હોવાનું ખુલ્યું હતું. જે બાદ પોલીસે આરોપીની ધરપકડ કરીકડક ભાષામાં પૂછપરછ કરતા તેને જણાવ્યું હતું કે, ગત તારીખ ૩/૨/૨૫ ના સાંજના ૬ વાગ્યા આસપાસ પોતાની લાયસન્સ વાળી રિવોલ્વરમાંથી નવાગામ પાસે આવેલ મિત્ર જગદીશભાઈના ગોડાઉની છત ઉપરથી પોતે ફાયરિંગ કર્યુ હતું.

પોલીસે આરોપીનું હથિયાર લાયસન્સ જમ કરી જાહેરનામા ભંગ તેમજ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

મિત્રના ઘરે પુત્રનો જન્મ થતાં રીઢા ગુનેગારે દારૂની બોટલમાં ફટાકડા ફોડયા..! જેતપુરમાં રહેતા રીઢા ગુનેગાર મિત્રના ઘરે પુત્રનો જન્મ થતાં ઉજવણીમાં દારૂની બોટલમાં ફટાકડા ફોડવાનો વીડિયો વાયરલ થયો હતો. જેની તાપસ કરતા જેતપુર સીટી પોલીસે ૭૪ થી વધુ ગુનામાં સંડોવાયેલા અનિલ ઉર્ફે ડબલી મનસુખભાઈ બારૈયાની ધરપકડ કરી કડક કાર્યવાહી કરી હતી. પોલીસે પૂછપરછમાં જાણવા મળ્યું હતુ કે, આરોપીએ ફેમસ થવા પોતાનો આવો વોડિયા સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો ત્યારે પોલીસે પણ બે કાન પકડી માફી માગતો ફોટો મૂકી આરોપીની શાન ઠેકાણે પાડી હતી.

# વિધવાને મોતને ઘાટ ઉતારનાર બે મહિલા સહિત ત્રણ ઝડપાયાઃ એક ફરાર

## કૌટુંબીક જેઠ–જેઠાણીએ નિવેદના બહાને આચરેલુ કૃત્ય :દિયર સાથે ભાગી ગઈ હોવાની શંકાએ વાળ કાપી, ધોકા ફટકાર્યા હતા

રાજકોટના શેઠનગર સામે રહેતા અને ભંગારની ફેરી કરતા હીરાભાઈ મનુભાઈ વાજેલીયા ઉ.૨૬એ તેના સગાભાઈ નીતિન, ભાભી નીરાબેન, કૌટુંબિક ભાઈ શૈલેશ વિનુભાઈ વાજેલીયા અને તેની પત્ની કિરણ સામે ગાંધીગ્રામ પોલીસમાં પત્ની ભાવનાની હત્યા અંગે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે મારા મોટાભાઈ અરજણનું ચાર માસ પૂર્વે મૃત્યુ થતા ભાવના મારી સાથે રહેવા આવી ગઈ હતી તેની સાથે આંખ મળી જતા અમે બંને ભાગી કિટીપરા પાસે રહેતા હતા જે નીતિન અને શૈલેશને ગમતું ન હતું ગત ૬ તારીખે બપોરે ચારેય આવેલ અને નીવેદન છે કહી અમને રીક્ષામાં શેઠનગર ઝૂપડપટ્ટી જ્યાં આ બંને રહેતા હોય ત્યાં લઈ જઈ ગાળો ભાંડી તું કેમ હીરા સાથે ભાગી ગઈ હતી કહી નીરા અને કિરણે કાતરથી ભાવનાના વાળ કાપી નાખતા છોડાવવા જતા ઢીકાપાટુનો માર મારી કેબલથી માર મારી ધોકાથી હુમલો કર્યો હતો સવારે નીતિનને ફોન કરતા તારી ઘરવાળી મરી ગઈ છે તેમ કહેતા જયુબેલી પાસે રહેતા ભાવનાના બા જવલીબેનને જઈને આ અંગે કહેતા તે સવારે ત્યાં જતા ભાવના બેભાન હાલતમાં જોવા મળી હતી. જેથી તેણીને ૧૦૮ મારફ્ત સિવિલ હોસ્પીટલે લઈ જતા ફરજ પરના તબીબોએ મૃત જાહેર કરી હતી કૌટુંબીક ભાઈ–ભાભી સહિત ચાર સામે હત્યાની ફરીયાદ નોંધાવતા પીઆઈ મેઘાણી સહિતે ગુનો નોંધી આરોપી શૈલેષ વિનુભાઈ વાજેલીયા, મિરા નિતીનભાઈ વાજેલીયા અને કિરણ શૈલેષ વાજેલીયાને ઝડપી લીધા હતા.જયારે નાશી છુટેલા નિતિની શોધખોળ હાથ ધરી છે.

# જુગારની ઉઘરાણીના રૂ.૨૨ લાખ મુદ્દે યુવાનનું અપહરણ કરી ધોકાવ્યો

## પોલીસની ઓળખ આપી ચાર શખસોએ પ્રથમ ફરિયાદના ભાઈને ધમાકાવ્યો હતોઃ યુવકની ફરિયાદ પરથી ચારેય હુમલાખોરો સામે ભકિતનગર પોલીસમાં નોંધાતો ગુનો

શહેરમાં શાકભાજીના ધંધાર્થી પાસેથી જુગારની ઉઘરાણીના ૨૨ લાખ મામલે ચાર શખસોએ પોલીસ તરીકેની ઓળખ આપી ધંધાર્થીનું અપહરણ કરી રેસકોર્ષ લઈ જઈ પટ્ટા અને ઢીકાપાટુંનો માર માર્યો હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી ચારેયની શોધખોળ હાથ ધરી છે. કોઠારીયા રોડ પરની રામેશ્વર સોસાયટીમાં રહેતા અને શાકભાજીનું વેચાણ કરતા રવિ રમેશભાઈ ધાંગીયા (જાદવ) ઉ.૨૫ નામના યુવકનું સહકાર મેઈન રોડ પર આવેલ ચા ની હોટેલ પરથી ભાર્ગવ ચોટલીયા, ધ્રુવરાજ અને બે અજાણ્યા શખસોએ વાહનમાં અપહરણ કરી રેસકોર્ષ પાસે લઈ જઈ પટ્ટા અને ઢીકાપાટુંનો માર મારી યુવકને જવા દીધો હતો. અને ઈજાગ્રસ્ત યુવાનને સારવાર અર્થે ખાનગી હોસ્પિ.માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. બનાવના પગલે ભોગ બનનારના પિતા ભકિતનગર પોલીસ મથકે મદદ માટે જતા ફરજ પર રહેલા પીએસઆઈ વી.એલ.રાઠોડ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં ભાર્ગવ ચોટલીયાનું ઓનલાઈન જુગારનું આઈડી રવિ વાપરતો હતો. જેમાં ભાર્ગવને રવિ પાસેથી ૨૨ લાખ લેવાના હોવાથી તેની ઉઘરાણી કરવા ધ્રુવરાજે પ્રથમ સાઈબર ક્રાઈમ પોલીસ તરીકેની ઓળખ આપી રવિના ભાઈ કિશનને ધમકાવ્યો હતો.બાદમાં અપહરણ કરી મારકુટ કરી હતી. બનાવ અંગેનો ઓડિયો–વિડીયો વાયરલ થતા ભકિતનગર પોલીસને ગુનો નોંધવાની ચારેય હુમલાખોરો સામે ફરજ પડી છે.

# મકાન લખી આપવા કપાતર પુત્રએ કાકા સાથે મળી માતાને માર મારી ફેકચર કર્યું

યુનિ.રોડ પર રહેતા વૃધ્ધાને કપાતર પુત્ર અને દિયરે મકાન લખી આપવા મારકુટ કરી ફ્રેકચર કરી નાખ્યું હોવાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બન્નેની શોધખોળ હાથ ધરી છે. પારીજાત સોસાયટીમાં રહેતા સીતાબેન લાભુભાઈ ડવે યુનિ. પોલીસમાં કપાતર પુત્ર વિવેક અને દિયર મેહુલ સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવ્યું હતું કે પુત્ર અગાઉ મેટોડામાં મોબાઈલની દુકાન ચલાવતો હતો.જે ૧૫ દિવસ પુર્વે બંધ કરી દિધેલ હાલ યાજ્ઞિક રોડ તેમજ કે.કે.વી હોલ પાસે ગોંડલની હિનાબા જાડેજા સાથે ભાગીદારીમાં સ્પાનો ધંધો શરૂ કર્યો છે. પુત્રના લગ્ન સાત વર્ષ પુર્વે ઈશ્વરીયા ગામે રહેતા સામંતભાઈ બાલાસરાની પુત્રી રીધ્ધી સાથે થયા હતા.તેને સંતાનમાં એક પુત્રી છે. જે હાલ મારી સાથે રહે છે. પુત્રએ ત્રણ માસ પુર્વે કાકા મેહુલના કહેવાથી પુત્રવધુ સાથે ઝઘડો કરી ઘરમાંથી કાઢી મુકી હતી.અને પુત્ર ઘરે ત્રણ–ચાર દિવસે આવતો હોવાથી તપાસ કરતા ઉપરોકત સ્ત્રી સાથે પ્રેમસંબંધ બંધાઈ ગયો હતો. જેથી વૃધ્ધાની માલિકીનું મકાન પોતાના નામે કરી દેવા ધાક–ધમકી આપી મારકુટ કરતો હતો.ગત.તા.૭ના પુત્ર અને દિયર ઘરે આવ્યા અને વૃધ્ધાને પથારીમાંથી ઝગાડી મકાન નામે કરી આપવા ગાળો આપી મારકુટ કરતા ફ્રેકચર થયું હતું અને બનાવના પગલે લોકો એકઠા થઈ જતા બન્ને નાશી છુટયાની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી બન્નેની શોધખોળ હાથ ધરી છે.

# મેટોડામાં બાઈકમાં ગાંજાની હેરાફેરી કરવા નીકળેલો બિહારી શખ્સ ઝડપાયો

- રાજકોટ ગ્રામ્ય એસ.ઓ.જીની ટીમે રૂ.૨૭૯૫૦ નો ૨ કિલો ૭૯૫ ગ્રામ ગાંજો, એક વાહન મળી રૂ. ૭૭૯૫૦નો મુદ્દામાલ કબજે કર્યો

**મુખ્ય સમાચાર,રાજકોટ**




મેટોડા જીઆઈડીસી વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી દેશી વિદેશી દારૂ, માદક પદાર્થનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે.ત્યારે રાજકોટ ગ્રામ્ય એસ. ઓ.જી ટીમ અને મેટોડા પોલીસની ટીમ સંયુક્ત ઓપરેશન હાથ ધરી એક બિહારી શખ્સ પાસે અઢી કિલોથી વધુ ગાંજા નો જથ્થો કબજે કરી રૂપિયા ૭૭૯૫૦ નો મુદ્દા માલ કબજે કર્યો છે મેટોડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજકોટ ગ્રામ્ય એસોજીના પીએસઆઈ બી સી મિયાત્રા અને મેટોડા જીઆઈડીસી ટીમના એસ.એચ. શર્માના માર્ગદર્શન હેઠળ પોલીસ હેડ કોન્સ્ટેબલ હિતેશભાઈ અગ્રાવત તથા શિવરાજભાઈ ખાચરની ટીમે પેટ્રોલિંગ હાથ ધર્યું હતું. જે દરમિયાન મૂળ બિહારનો બિહારનો સેક્સ પોતાના વાહનમાં મદદ દ્રવ્યો રાખી વેચાણ અર્થે નીકળ્યો હોવાની ભરતી પોલીસની ટીમે વોચ ગોઠવીને પંકજકુમાર મદનકુમાર ગોડ ઉંમર વર્ષ ૨૫ અંજલી પાર્ક ગેઈટ નંબર એક લોધિકા ની ધરપકડ કરી તેના વાસપામાંથી ૨ કિલોને ૭૯૫ ગ્રામ ગાંજાનો જથ્થો કબજે કર્યો છે. આરોપી આર્થિક ખેચમાં મુકાઈ જતા તેના યુપીના મિત્ર પાસેથી ગાંજાનો જથ્થો મંગાવી છૂટક વેચાણ કરવાનું શરૂ કર્યું હતું.

# રાજકોટના વેપારી પાસેથી યુ.પી.ના વેપારીએ ૯.૫૯ લાખના દાગીના મંગાવી ધૂંબો માર્યો

## ૧૦.૧૨૮ કિ.ગ્રા. ચાંદીના દાગીના મેળવી છેતરપિંડી આચરનાર શખ્સો વિરુદ્ધ ફરિયાદ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના વેપારી પાસેથી યુપીના વેપારીએ રૂા. ૯,૫૯,૭૨૯ની કિંમતના ૧૦.૧૨૮ કિ.ગ્રા. ચાંદીના દાગીના મંગાવી રૂપિયા નહીં આપી છેતરપીંડી કરી હોવાની પોલીસ દફતરે ફરિયાદ નોંધાતા પોલીસે તપાસનો દૌર લંબાવ્યો છે.

આ અંગે મુજબ રાજકોટમાં રણછોડનગર વિસ્તારમાં આવેલા ખુશાલી કોમ્પ્લેક્સમાં રહેતા અને રણછોડનગરમાં જ અંબીકા એલોય નામની પેઢી ધરાવતા દીલીપભાઈ નાનજીભાઈ ગજેરા નામના વેપારીએ ઉત્તર પ્રદેશમાં રહેતા અને વેપારી ગૌરવ રાજકુમાર ગોયેલ વિરુદ્ધ બીડીવીઝન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે. વેપારી દિલીપભાઈ ગજેરાએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓ ચાંદીના દાગીના બનાવવાના કામ માટે જૂના વેપારીઓને મળવા આગ્રા–ઉત્તર પ્રદેશ ખાતે ગયા હતાં. જ્યાં તેમની ઓળખાણ ગૌરવ રાજકુમાર ગોયલ સાથે થતાં તેણે જણાવ્યું હતું કે, હું ચાંદીના દાગીનાની ખરીદી કરી વેચાણ કરવાની યુ.પી. એનાલેબ નામની પેઢી ધરાવું છું. અને મને પણ ઓર્ડર મુજબ ચાંદીના દાગીના મોકલી આપવા કહ્યું હતું. જેથી બન્ને વચ્ચે વાતચીત થયા બાદ યુપીના વેપારી ગૌરવ ગોયેલે બે વખત ચાંદીના દાગીના મંગાવી રાજકોટના વેપારી દિલીપભાઈ ગજેરાને રૂપિયા આપી વિશ્વાસ કેળવ્યો હતો. બાદમાં ત્રીજો ઓર્ડર કરી ૧૧ કિલો ચાંદીના દાગીના મંગાવતા દીલીપભાઈ ગજેરાએ ગૌરવ ગોયેલને કુરિયર




મારફતે દાગીના મોકલી આપ્યા હતાં. અને જે દાગીના ગૌરવ ગોયેલે પોતાની સહીથી કુરિયરમાંથી મેળવી લીધા હતાં. જે ચાંદીના ૧૦.૧૨૮ કિલો ગ્રામ દાગીનાના રૂપિયા ૯.૫૯.૭૨૯ રાજકોટના વેપારીને નહીં આપી છેતરપીંડી આચરી હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે. ફરિયાદના આધારે પીએસઆઈ વી.એચ. પરમાર સહિતના સ્ટાફે વધુ તપાસ હાથ ધરી છે.